સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC
CURRENT AFFAIRS

## WEEK 11 (13/03/22 to 19/03/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




PSI/ASI તથા કોન્સ્ટેબલ
**કાયદો**
MCQ BOOSTER

ઝડપી તૈયારી માટે કાયદાનો પરીક્ષાલક્ષી પ્રશ્નસંગ્રહ
વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે 1300+ હેતુલક્ષી પ્રશ્નોના જવાબ સહિત [MCQ]

Latest 2022

- IPC,CrPC અને Evidence Actના તમામ ટોપિકના પ્રશ્ન–જવાબ (MCQ)
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નોની તૈયારી માટે
- પરીક્ષા પહેલા રીવિઝન તથા પ્રેક્ટિસ માટે અત્યંત ઉપયોગી પ્રશ્ન–જવાબ (MCQ)
- આ પ્રશ્નસંગ્રહમાં મહત્ત્વની કલમો, જોગવાઈઓ, ઉદાહરણો વગેરેની રજૂઆત તદ્દન સરળ અને સ્પષ્ટ રીતે કરવામાં આવી છે.
- આ MCQ પ્રશ્નસંગ્રહ ICEના નિષ્ણાત લેખકો દ્વારા PSI-ASI અને કોન્સ્ટેબલની અગાઉની પરીક્ષામાં પૂછાઇ ગયેલા પ્રશ્નોના ગહન અભ્યાસ બાદ તૈયાર કરવામાં આવ્યો છે.
- ગુજરાત સરકાર તથા ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ અત્યાર સુધીના તમામ લેટેસ્ટ કાયદાકીય સુધારાઓને આવરી લેતું કાયદાનું પુસ્તક. (MCQ)




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**13 MAR-2022**

- 'ગુજરાત ખેલ મહાકુંભ-2022'નો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે શુભારંભ ..... 02
- કવિશ્રી દુલા ભાયા કાગ લોકસાહિત્ય એવોર્ડ-2022 ..... 02
- કેરળમાં IT કોરિડોર સ્થાપવામાં આવશે ..... 03
- સુશ્રી કેટલિન નોવાક હંગેરીના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા ..... 04
- QUESTION ANSWERS ..... 05

**14 MAR-2022**

- સસ્ટેનેબલ ડેવલપમેન્ટ-2021 (SDG Index-2021)માં ભારત 120મા ક્રમે ..... 06
- યંગ સાયન્ટિસ્ટ પ્રોગ્રામ - YUVIKA ..... 07
- અદાવી ટ્રાઈબલ બ્રાન્ડ (Adavi Tribal Brand) ..... 08
- રશિયાએ 'ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન' (ISS) પરથી સમર્થન પાછુ ખેંચ્યું ..... 09
- QUESTION ANSWERS ..... 12

**15 MAR-2022**

- દિવસ મહિમા : 15 માર્ચ, વિશ્વ ગ્રાહક દિન અથવા વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ, World Speech Day વિશ્વ સંપર્ક દિવસ, પોલીસ ક્રૂરતા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ ..... 13
- ભારતનું માર્કેટ કેપિટલાઈઝેશન વિશ્વમાં પાંચમા સ્થાને પહોંચી ગયુ ..... 13
- ભારત સરકારે પાવર ફાઉન્ડેશનની સ્થાપના કરી ..... 14
- ફલડ પ્લેન ઝોનિંગ (Flood Plain Zoning) ..... 15
- QUESTION ANSWERS ..... 17

**16 MAR-2022**

- ગુજરાત સરકારે સ્પોર્ટ્સ પોલિસી 2022-27 લોન્ચ કરી ..... 18
- ભારતમાં માતૃ મૃત્યુ દર (Maternal Mortality Ratio-MMR) ..... 19
- QUESTION ANSWERS ..... 21

**17 MAR-2022**

- ભારત સરકાર 13 નદીઓને કાયાકલ્પ કરશે ..... 22
- સુજલામ-સુફલામ જળ અભિયાનના પાંચમા તબક્કાનો ગાંધીનગરના કોલવડાથી રાજ્યવ્યાપી પ્રારંભ ..... 23
- QUESTION ANSWERS ..... 25

**18 MAR-2022**

- હોળી (ફાગણ માસની પૂનમ) ..... 25
- World Happiness Report 2022 ..... 26
- પંચાયતી રાજ મંત્રાલયની આપત્તિ વ્યવસ્થાપન યોજના ..... 27
- QUESTION ANSWERS ..... 30

**19 MAR-2022**

- દિવસ મહિમા : 19 માર્ચ, CRPF સ્થાપના દિવસ (CRPF Raising Day) ..... 31
- હરિયાણાના સૂરજકુંડ ખાતે સૌથી મોટા હસ્તકલા ..... 31
- QUESTION ANSWERS ..... 32

**ONE LINER** ..... 33

**QUESTION OF THIS WEEK** ..... 39


®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'ગુજરાત ખેલ મહાકુંભ-2022'નો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે શુભારંભ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 12 માર્ચ, 2022ના રોજ 'ગુજરાત ખેલ મહાકુંભ-2022'નો અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો.

- વર્ષ 2022માં ખેલ મહાકુંભની આ 11મી આવૃત્તિ છે.
- 'ખેલે તે ખીલે'ના સુત્ર સાથે શરૂ થયેલ ખેલ મહાકુંભનો પ્રારંભ વર્ષ 2010માં થયો હતો.
- વર્ષ 2010ના પ્રથમ ખેલ મહાકુંભમાં 16 રમતોમાં 13 લાખ ખેલાડીઓએ ભાગ લીધો હતો.
- જે વર્ષ 2019ના ખેલ મહાકુંભમાં ભાગીદારી વધીને 40 લાખ ખેલાડીઓએ 36 રમતો અને 26 પેરા–રમતોમાં ભાગ લીધો હતો.
- નોંધનીય છે કે વર્ષ 2022ના ખેલ મહાકુંભમાં ખેલાડીઓની સંખ્યા 55 લાખ સુધી પહોંચી ગઈ છે.
- આ રમતોત્સવ અંતર્ગત ગ્રામ્ય, તાલુકા, જિલ્લા, નગરપાલિકા, મહાનગરપાલિકા વિસ્તારોમાં રમતગમતના વાતાવરણનું નિર્માણ કરી વિદ્યાર્થીઓ, પુરુષ અને મહિલાઓ તેમજ સિનિયર સિટીઝન વગેરેને વિવિધ રમતગમતમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

નોંધ : (1) ખેલ મહાકુંભ એ ગુજરાત સરકાર દ્વારા આયોજિત વાર્ષિક રમતગમત સ્પર્ધા છે.

(2) કોવિડ-19ને કારણે છેલ્લા બે વર્ષથી ખેલમહાકુંભનું આયોજન થયું ન હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કવિશ્રી દુલા ભાયા કાગ લોકસાહિત્ય એવોર્ડ-2022



તાજેતરમાં કાગધામ તરીકે પ્રસિદ્ધ મજાદર ગામમાં કવિશ્રી કાગ બાપુની પૂણ્યતિથિ નિમિત્તે કાગ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

- જેમાં 'કવિ કાગ એવોર્ડ' વિતરણ સમારોહ પણ યોજાયો હતો.
- પૂજ્ય શ્રી મોરારી બાપુની ઉપસ્થિતિમાં લોક સાહિત્યકારોને એવોર્ડ અર્પણ કરાયા હતા.
- વર્ષ 2022માં અર્પણ થયેલા કવિ કાગ એવોર્ડ આ મુજબ છે :

(1) સ્વશ્રી મેઘરાજ મુળુભા ગઢવી (મઢાદ)

(2) શ્રી યશવંત લાંબા (જાંબુડા)

(3) ડો. શ્રીમતી ઈન્દુબેન પટેલ (કોટા–રાજસ્થાન)

(4) શ્રીમતી ભાવના બહેન અને સંગીતા બહેન લાબડિયા (પોરબંદર, અમદાવાદ)

(5) શ્રી મહેન્દ્ર ભાણાવત્ત (રાજસ્થાની વિદ્વાન)

## કવિ કાગ એવોર્ડ

કવિ કાગ એવોર્ડ દર વર્ષે આપવામાં આવે છે.

- આ એવોર્ડનું નામ ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર તથા કવિ શ્રી દુલા ભાયા કાગના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- વર્ષ **2002**માં પૂજ્ય શ્રી મોરારી બાપુની પ્રેરણાથી આ એવોર્ડની શરૂઆત થઈ હતી.
- કવિ શ્રી કાગ બાપુની પૂણ્યતિથિ 'ફાગણ સુદ ચોથ' અથવા કાગ સુદ ચોથના દિવસે કાગધામ (મજાદર) ખાતે કાર્યક્રમ યોજી પૂ. મોરારીબાપુ અને કાગ પરિવારના હસ્તે આ એવોર્ડ આપવામાં આવે છે.
- લોક સાહિત્ય–ચારણી સાહિત્યમાં શ્રેષ્ઠ પ્રદાન બદલ 'કાગ એવોર્ડ' અર્પણ કરવામાં આવે છે.
- ગુજરાતી ડાયરાના લોક કલાકારો અને લોક સાહિત્યકારોને પાંચ એવોર્ડ આપવામાં આવે છે.
- આ ઉપરાંત સાહિત્ય ક્ષેત્રે સંશોધન માટે રાજસ્થાની વિદ્વાનને એક એવોર્ડ આપવામાં આવે છે.
- આ એવોર્ડ વિજેતાઓને રૂ. **51,000** ધનરાશી, સ્મૃતિ ચિન્હ તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવે છે.

# કેરળમાં IT કોરિડોર સ્થાપવામાં આવશે

કેરળના નાણામંત્રી કે. એન. બાલગોપાલે તાજેતરમાં તેમના બજેટમાં એક નવો **IT** પાર્ક, ચાર **IT** કોરિડોર અને **20** સેટેલાઈટ **IT** હબ સ્થાપવાની દરખાસ્ત કરી હતી.

- તાજેતરમાં રજૂ કરાયેલ કેરળના બજેટમાં ભવિષ્યના **5G** નેટવર્ક પર ધ્યાન કેન્દ્રિત કરીને રાજ્યના **IT** ક્ષેત્રને મહત્ત્વ આપવામાં આવ્યું છે.

## IT કોરિડોર

કેરળ રાજ્યના **IT** ક્ષેત્રના વિકેન્દ્રીકરણના ભાગરૂપે હાલના **NH-66** (રાષ્ટ્રીય ધોરીમાર્ગ **66**) સાથે તેની સમાંતર ચાર **IT** કોરિડોર બાંધવામાં આવશે.

- કોરિડોરમાં ચાર લેન હશે જે કોરાટ્ટી–એર્નાકુલમ, તિરુવનંતપુરમ ટેકનોપાર્ક ફેઝ-**III**-કોલ્લમ, કોઝિકોડ–કન્નુર અને એર્નાકુલમ–ચેરથલા હશે.
- **IT** કોરિડોરના વિસ્તરણ માટે કોલ્લમ ખાતે એક **IT** સુવિધા ઊભી કરવામાં આવશે. જેમાં **5,00,000** ચોરસ ફૂટના વિસ્તારને આવરી લેવામાં આવશે.

## IT પાર્કનું બાંધકામ

કન્નુરમાં એક નવો **IT** પાર્ક બનાવવામાં આવશે.

- કોઝિકોડ, એર્નાકુલમ અને ટેકનોપાર્ક ફેઝ **III**થી **NH-66** દ્વારા અનુકૂળ પ્રવેશ સાથે સૂચિત કોરિડોર પર જમીન સંપાદનદ્વારા પ્રીમિયમ કિંમતે સંપાદિત કરવામાં આવેલી **15**થી **25** એકર જમીન પર સેટેલાઈટ **IT** પાર્ક સ્થાપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી કેટલિન નોવાક હંગેરીના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા



હંગેરીના વડાપ્રધાન શ્રી વિક્ટર ઓર્બનના નજીકના સહયોગી સુશ્રી કેટલિન નોવાકને હંગેરીની સંસદ દ્વારા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવામાં આવ્યા છે.

- આ સાથે તેઓ હંગેરીના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા છે.
- તેમણે હંગેરી સંસદમાં 137 મત મેળવ્યા હતા.
- તેઓ શ્રી નોવાક ઓર્બનની શાસક ફિડેઝ પાર્ટીના સહસ્થાપક શ્રી જેનોસ એડરનું સ્થાન લેશે.
- નોંધનીય છે કે હંગેરી યુરોપમાં સ્થિત યુરોપિયન યુનિયનનો સભ્ય દેશ છે.
- હંગેરીની રાજધાની બુડાપેસ્ટ છે.



1. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ......................શહેરના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતેથી 'ગુજરાત ખેલ મહાકુંભ-2022'નો શુભારંભ કરાવ્યો હતો.

(A) ગાંધીનગર (B) અમદાવાદ

(C) રાજકોટ (D) સુરત (B)

2. વર્ષ 2022માં ખેલ મહાકુંભની કેટલામી આવૃત્તિ છે ?

(A) 11મી (B) 13મી

(C) 14મી (D) 15મી (A)

3. ગુજરાતમાં કયા વર્ષથી ખેલ મહાકુંભનો પ્રારંભ થયો હતો ?

(A) 2010 (B) 2011

(C) 2012 (D) 2013 (A)

4. તાજેતરમાં કવિ શ્રી કાગ બાપુની પૂણ્યતિથિ નિમિત્તે 'કવિ કાગ એવોર્ડ' વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં પૂ. શ્રી મોરારી બાપુની ઉપસ્થિતિમાં આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા. અર્પણ થયેલા એવોર્ડમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે.

1. સ્વ.શ્રી મૂળુભા ગઢવી
2. શ્રી યશવંત લાંબા
3. ડો. શ્રીમતી ઈન્દુબેન પટેલ
4. શ્રીમતી ભાવના બહેન અને સંગીતાબેન લાબડીયા
5. શ્રી મહેન્દ્ર ભાણાવત્ત

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 5 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2, 3 અને 4 (D) 1, 2, 3, 4 અને 5 (D)

5. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે તેમના બજેટમાં IT કોરિડોર અને IT પાર્ક સ્થાપવાની દરખાસ્ત કરી છે ?

(A) રાજસ્થાન (B) પંજાબ

(C) કેરળ (D) અરૂણાચલ પ્રદેશ (C)

6. સુશ્રી કેટલિન નોવાક કયા દેશના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા છે ?

(A) હંગેરી (B) અલ્બેનિયા

(C) જ્યોર્જિયા (D) બલ્ગેરિયા (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સસ્ટેનેબલ ડેવલપમેન્ટ-2021 (SDG Index-2021)માં ભારત 120મા ક્રમે

તાજેતરમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક (SDSN)એ 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ-2021' પ્રસિદ્ધ કર્યો હતો.

- સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ 2021 અથવા SDG Index-2021માં ભારતને 120મું સ્થાન આપવામાં આવ્યું છે.
- આ ઈન્ડેક્સમાં દેશોને 100માંથી સ્કોર દ્વારા ક્રમ આપવામાં આવે છે. જેમાં ભારતનો સ્કોર 60.07 છે.
- 17 ટકાઉ વિકાસ લક્ષ્યો (17 SDG Goals) હાંસલ કરવા તરફ દેશની કુલ પ્રગતિને સૂચકાંક માપે છે.
- આ ઈન્ડેક્સ હેઠળ કુલ 165 દેશોને ક્રમ આપવામાં આવ્યા છે.
- જેમાં પ્રથમ ક્રમ પર ફિનલેન્ડ રહ્યું છે.
- જ્યારે અંતિમ 165માં ક્રમે સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક રહ્યું છે.

### SDG Index 2021 Ranking

| Rank | Country | Score |
|---|---|---|
| 1 | ફિનલેન્ડ | 85.90 |
| 2 | સ્વીડન | 85.61 |
| 3 | ડેનમાર્ક | 84.86 |
| 4 | જર્મની | 82.48 |
| 5 | બેલ્જિયમ | 82.19 |
| 120 | ભારત | 60.07 |
| 165 | સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક | 38.27 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM



## યંગ સાયન્ટિસ્ટ પ્રોગ્રામ - YUVIKA

**16 મેથી 28 મે દરમિયાન યંગ સાયન્ટિસ્ટ પ્રોગ્રામ 'YUVIKA-2022' યોજાશે.**

- **YUVIKA ISRO દ્વારા પ્રાયોજિત અને ભારતના અવકાશ વિભાગ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ વાર્ષિક અવકાશ શિક્ષણ અને તાલીમ કાર્યક્રમ છે.**
- **YUVIKAનું પૂરું નામ YUva VIgyani KAryakram છે.**
- આ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને અવકાશ ટેક્નોલોજીનું પાયાનું જ્ઞાન ઉપલબ્ધ કરાવવાનો છે.
- તથા યુવાનોના મનમાં અવકાશ વિજ્ઞાન પ્રત્યેની રૂચિ કેળવવાનો અને તેનું જતન કરવાનો છે.
- ઈસરોના ભૂતપૂર્વ ચેરમેન ડો. કે. સિવને મે **2019**માં કર્ણાટકના બેંગલુરૂ ખાતેથી આ કાર્યક્રમને લોન્ચ કર્યો હતો.
- આ કાર્યક્રમની જાહેરાત ઈસરોના સ્ટુડન્ટ આઉટરિચ પ્રોગ્રામ દ્વારા કરવામાં આવી હતી.
- આ પ્રોગ્રામ અંતર્ગત દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી **150** વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં પસંદ કરવામાં આવશે.
- આ કાર્યક્રમ માટે સહભાગીની પસંદગી નીચેના પરિમાણોના આધારે કરવામાં આવશે :
  - **(a)** ધોરણ 8ની પરીક્ષામાં મેળવેલ ગુણ
  - **(b)** છેલ્લા ત્રણ વર્ષમાં શાળા, જિલ્લા, રાજ્ય અથવા કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત વિજ્ઞાન મેળાઓમાં સહભાગી
  - **(c)** છેલ્લા ત્રણ વર્ષમાં સ્કાઉટ અને ગાઈડ/એનસીસી/એનએસએસના સભ્યો
  - **(d)** ઓનલાઈન ક્વિઝમાં પ્રદર્શન વગેરે પરિમાણોને આધારે વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવશે.
- આ કાર્યક્રમ અંતર્ગત પસંદગી પામેલ વિદ્યાર્થીઓને નીચેના સેન્ટરોની મુલાકાતે લઈ જવામાં આવશે અને તાલીમ આપવામાં આવશે :
  - **(1)** **Vikram Sarabhai Space Center (VSSC), Thiruvananthpuram Centre**
  - **(2)** **U R Rao satellite (URSC), Bengluru**
  - **(3)** **Space Application Centre (SAC), Ahmedabad**
  - **(4)** **North Eastern Space Application Centre (NESAC), Shillong**
  - **(5)** **National Remote sensing Center (NRSC), Hyderabad**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અદાવી ટ્રાઈબલ બ્રાન્ડ (Adavi Tribal Brand)

તાજેતરમાં કેરળના નિલામ્બુરથી વન ઉત્પાદનોની નવી બ્રાન્ડ લોન્ચ કરવામાં આવી છે.

- નિલામ્બુર આદિવાસીઓ દ્વારા એકત્રિત કરાયેલ જંગલી મધ જેવી ગૌણ વન પેદાશોનું હવે અદાવી બ્રાન્ડ (Adavi Brand) હેઠળ વેચાણ કરવામાં આવશે.
- નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (NABARD) અને જન શિક્ષણ સંસ્થાન (JSS)એ નિલામ્બુરમાં આયોજિત આદિવાસી ઉત્સવમાં સંયુક્ત રીતે અદાવી બ્રાન્ડ લોન્ચ કરી છે.
- અદાવી બ્રાન્ડ 'જન શિક્ષણ સંસ્થાન' અને નાબાર્ડ દ્વારા લાગુ કરાયેલ ગોત્રમૃત પ્રોજેક્ટનો એક ભાગ હતી.
- નોંધનીય છે કે આદિવાસી ઉત્સવ દરમિયાન નાબાર્ડ અને જન શિક્ષણ સંસ્થાન દ્વારા 'દિશા' નામનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

### આ બ્રાન્ડ હેઠળ શું પ્રમોટ કરવામાં આવશે ?

પ્રારંભિક તબક્કામાં અદાવી બ્રાન્ડ શુદ્ધ જંગલી મધ, જંગલી શતાવરી અને ગૂસબેરીના વિવિધ અથાણા અને કેરીનો પ્રચાર કરશે.

- ઉત્પાદનોનું વેચાણ ગોત્રમૃત સોસાયટી દ્વારા કરવામાં આવશે, જેની સ્થાપના નિલામ્બુર આદિવાસીઓ દ્વારા કરવામાં આવી હતી.
- આ નવી યોજના હેઠળ ખાસ કરીને વિદેશી બજારોમાં અદાવી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે વધુ સારા અને વિશાળ બજારોનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

### જન શિક્ષણ સંસ્થાન (JSS) વિશે

જન શિક્ષણ સંસ્થાન (JSS) યોજના જે અગાઉ શ્રમિક વિદ્યાપીઠ તરીકે જાણીતી હતી.

- તે દેશમાં 1967થી NGO દ્વારા લાગુ કરવામાં આવી હતી.
- વર્ષ 2018માં તેને શિક્ષણ મંત્રાલયમાંથી કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યું હતું.
- JSS લઘુત્તમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખર્ચ સાથે લાભાર્થીઓના ઘરઆંગણે વ્યાવસાયિક કૌશલ્ય પ્રશિક્ષણ કાર્યક્રમો પ્રદાન કરે છે.
- JSS માત્ર વ્યાવસાયિક કૌશલ્યો જ નહીં પરંતુ જીવન કૌશલ્ય પણ આપે છે જે લાભાર્થીઓને રોજિંદા જીવનમાં મદદ કરી શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## NABARD

NABARDનું પૂરું નામ 'National Bank for Agriculture and Rural Development' છે.

- નાબાર્ડની સ્થાપના 12 જુલાઈ, 1982ના રોજ થઈ હતી. નાબાર્ડનું વડું મથક મુંબઈ ખાતે આવેલું છે.
- નાબાર્ડ એ ભારતની સર્વોચ્ચ Development Financial Institution છે.
- ભારતના ગ્રામીણ વિસ્તારોમાં કૃષિ તથા અન્ય આર્થિક ગતિવિધિઓ માટે ઋણ ઉપલબ્ધ કરાવવા નીતિઓ ઘડવી તથા એ અંગે યોજનાઓ બનાવવી અને તેનું સંચાલન કરવું એ નાબાર્ડનું મુખ્ય કાર્ય છે.
- નાબાર્ડ એ Developmental Financial Institution (DFI)નું Status ધરાવતી ભારતની એકમાત્ર સંસ્થા છે.
- શ્રી બી. શિવરામન સમિતિની ભલામણને આધારે ભારતમાં નાબાર્ડની સ્થાપના થઈ હતી.
- ભારતમાં 'નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ એક્ટ 1981' લાગુ કરવા માટે સંસદના એક અધિનિયમ દ્વારા નાબાર્ડની સ્થાપના થઈ હતી. આથી, નાબાર્ડ એ ગેરસંવૈધાનિક – વૈધાનિક સંસ્થા છે.

## રશિયાએ 'ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન' (ISS) પરથી સમર્થન પાછુ ખેંચ્યું

યુક્રેન પર રશિયાના તાજેતરના આક્રમણ બાદ અમેરિકાએ રશિયાની ટેક્નોલોજી અને રશિયન બેંકોના ટ્રાન્સફર પર પ્રતિબંધો લાદ્યા હતા.

- આ પછી રશિયન અવકાશ એજન્સી રોસ્કોસ્મોસે જાહેરાત કરી હતી કે તે 'ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન' (ISS)ના રશિયન વિભાગમાં સંયુક્ત પ્રયોગો પર સ્ટેટ કોર્પોરેશન જર્મની સાથે સહકાર નહીં આપે.

### ISSમાં રશિયાની ભૂમિકા

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)ને પાંચ આંતરરાષ્ટ્રીય અવકાશ એજન્સીઓ–અમેરિકાની નાસા, રશિયાની રોસ્કોસમોસ, જાપાનની Jaxa, કેનેડિયન સ્પેસ એજન્સી અને યુરોપિયન સ્પેસ એજન્સીના વૈજ્ઞાનિકો સાથે મળીને બનાવવામાં આવ્યું છે.

- ISSની જાળવણીમાં દરેક એજન્સીની ચોક્કસ ભૂમિકા અને ભાગ હોય છે.
- આ એવી સિદ્ધિ નથી કે જેને કોઈપણ એક દેશ દ્વારા ખર્ચ અને પ્રયત્નો બંનેના સંદર્ભમાં સમર્થન મળી શકે છે.
- આ સહયોગમાં રશિયાનો હિસ્સો ISSની કક્ષામાં કોર્સ સુધારણા માટે જવાબદાર મોડ્યુલ છે.
- વધુમાં રશિયાની ભાગીદારી એ સુનિશ્ચિત કરે છે કે સ્પેસ સ્ટેશનની ભ્રમણકક્ષાને વર્ષમાં લગભગ 11 વખત અવકાશના કાટમાળથી દૂર રાખવા માટે યોગ્ય સ્થિતિમાં લાવવામાં આવે છે.
- તે અવકાશયાત્રીઓને પૃથ્વી અને ISS પર પરિવહન કરવામાં મદદ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રશિયા દ્વારા સમર્થન પાછું ખેંચવાની અસર

તેના ભારે વજન અને ખેંચને કારણે ISS પૃથ્વીથી લગભગ 250 માઈલની ઊંચાઈએ તેની ભ્રમણકક્ષામાં ખસી શકે છે.

- તેને સમયાંતરે તેની ગતિની મૂળ લાઈન સુધી મોકલવું પડશે.
- આ પ્રક્રિયાને રશિયા દ્વારા ISS કોઓપરેશન અવકાશયાનમાંથી ખસી જવાથી અસર થઈ શકે છે. આનો અર્થ એ છે કે ISS સમુદ્ર અથવા જમીન પર પડી શકે છે.
- ISS સંભવતઃ કોઈ દેશ પર તૂટી પડશે, પરંતુ તે રશિયા પર પડવાની શકયતા ઓછી છે.
- ISSની ભ્રમણકક્ષા મોટે ભાગે રશિયન પ્રદેશોમાં સ્થિત નથી.
- વિષુવવૃત્તની નજીકના વિસ્તારો ISSના પતન માટે વધુ જોખમમાં છે, પરંતુ આ એક માત્ર શક્યતા છે કારણ કે તે અવકાશમાં આગળ વધવાનું અથવા વિઘટન કરવાનું ચાલુ રાખી શકે છે.
- નોંધનીય છે કે આ કિસ્સામાં ISS પર હાજર લોકોને પાછા લાવવામાં આવશે અને મોડ્યુલ અલગ કરી શકાય છે તથા ઘણુ નાનું બનાવી શકાય છે.

## ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)

ISS એ ઈતિહાસની સૌથી જટિલ આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક અને એન્જિનિયરિંગ પ્રોજેક્ટ છે. તથા મનુષ્ય દ્વારા અવકાશમાં છોડવામાં આવેલ સૌથી મોટું માળખું છે.


- તે એક ઉચ્ચ ઉપગ્રહીય ઉડાન, નવી તકનીકો માટેની પ્રયોગશાળા અને ખગોળશાસ્ત્રીય, પર્યાવરણીય અને ભૂસ્તરશાસ્ત્રીય સંશોધન માટેનું નિરીક્ષણ પ્લેટફોર્મ છે.
- તે બાહ્ય અવકાશમાં સ્થાયી સ્થાન તરીકે ભવિષ્યના અવકાશ સંશોધન માટે એક સીમાચિહ્નરૂપ કાર્ય કરે છે.
- સ્પેસ સ્ટેશન પૃથ્વીથી સરેરાશ 400 કિલોમીટરની ઊંચાઈએ ઉડે છે, જે દર 90 મિનિટે લગભગ 28,000 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પૃથ્વીની પરિક્રમા કરે છે.
- સ્પેસ સ્ટેશન રાત્રિના આકાશમાં તેજસ્વી ગતિશીલ પ્રકાશ દેખાય છે, જે તેજસ્વી ગ્રહ શુક્ર જેવું જ છે.
- 100 બિલિયન યુએસ ડોલરનું ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન 15 દેશોનું પ્રતિનિધિત્વ કરતી પાંચ જુદી જુદી અવકાશ એજન્સીઓ દ્વારા બનાવવામાં આવ્યું હતું અને આજે પણ કાર્યરત છે.
- ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનને જુદા–જુદા ભાગોમાં ખસેડવામાં આવે છે અને ધીમે ધીમે સમગ્ર ભ્રમણ કક્ષા બનાવવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેમાં મોડ્યુલો અને કનેક્ટિંગ નોડ્સનો સમાવેશ થાય છે. જેમા યોગ્ય ક્વાર્ટર અને લેબોરેટરીઓ તેમજ બાહ્ય ટ્રસ જે માળખાકીય સપોર્ટ અને સહાયતા પ્રદાન કરે છે, તથા તે સૌર પેનલ્સ વિદ્યુત પ્રદાન કરે છે.
- પ્રથમ મોડ્યુલ રશિયાનું ઝરિયા (Zariya) મોડ્યુલ વર્ષ 1998માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- પ્રથમ સ્પેસ સ્ટેશન ક્રૂ (ચાલક દળ) ત્રણ માણસનો ક્રૂ હતો, જોકે કોલંબિયા શટલ દુર્ઘટના પછી ક્રુનું કદ અસ્થાયી રૂપે ઘટાડીને બે માણસની ટીમમાં મૂકવામાં આવ્યું હતું.
- નવા મોડ્યુલ, પ્રયોગશાળાઓ અને સુવિધાઓ ઉમેરવામાં આવતા 2009માં અવકાશ સ્ટેશન તેના સંપૂર્ણ છ વ્યક્તિના ક્રૂના કદ સુધી પહોંચ્યું હતું.

સામાન્ય વિજ્ઞાન
◆ વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે ◆ [ MCQ BOOSTER ]
પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ-અધાતુ, એસિડ-બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
NOW AVAILABLE
આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

1. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ 2021 (SDG Index-2021)માં ભારત કયા ક્રમે છે ?

(A) 112 (B) 120 (C) 143 (D) 147 **(B)**

2. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ-2021 (SDG Index-2021)માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) ફિનલેન્ડ (B) સ્વીડન (C) ડેનમાર્ક (D) જર્મની **(A)**

3. યંગ સાયન્ટિસ્ટ પ્રોગ્રામ YUVIKA સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) YUVIKA ISRO દ્વારા પ્રાયોજિત અને ભારતના અવકાશ વિભાગ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ વાર્ષિક અવકાશ શિક્ષણ અને તાલીમ કાર્યક્રમ છે.

(B) આ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને અવકાશ ટેકનોલોજીનું પાયાનું જ્ઞાન ઉપલબ્ધ કરાવવાનો છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. તાજેતરમાં ................... રાજ્યના નિલામ્બુરથી વન ઉત્પાદનોની નવી બ્રાન્ડ 'અદાવી બ્રાન્ડ' લોન્ચ કરવામાં આવી છે.

(A) કેરળ (B) ત્રિપુરા (C) આસામ (D) સિક્કિમ **(A)**

5. તાજેતરમાં કયા દેશે 'ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન' (ISS) પરથી સમર્થન પાછુ ખેંચ્યું છે ?

(A) અમેરિકા (B) ફ્રાન્સ (C) જાપાન (D) રશિયા **(D)**

**દિવસ મહિમા : 15 માર્ચ,**
(1) વિશ્વ ગ્રાહક દિન અથવા વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ (World Consumer Day or World Consumer Rights Day)
(2) World Speech Day
(3) વિશ્વ સંપર્ક દિવસ (World Contact Day)
(4) પોલીસ ક્રૂરતા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Police Brutality)

## વિશ્વ ગ્રાહક દિન

ગ્રાહક સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 15 માર્ચના રોજ 'વિશ્વ ગ્રાહક દિન' અથવા તો 'વિશ્વ ગ્રાહક અધિકાર દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- **Consumer International** દ્વારા ઉજવાતા આ દિવસની ઉજવણીનો એક અન્ય હેતુ 'ગ્રાહક અધિકાર'ના સંરક્ષણ અને એ અંગે જાગૃતિનો પણ છે.
- વર્ષ **2022**ની 'વિશ્વ ગ્રાહક દિન'ની થીમ **'Fair Digital Finance'** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતનું માર્કેટ કેપિટલાઈઝેશન વિશ્વમાં પાંચમા સ્થાને પહોંચી ગયુ

માર્કેટ કેપિટલાઈઝેશન (બજાર મૂડીકરણ)ની દૃષ્ટિએ ભારતનું ઈક્વિટી માર્કેટ પ્રથમ વખત વિશ્વમાં પાંચમા સ્થાને પહોંચ્યું છે.

- ભારત હાલમાં અમેરિકા, ચીન, જાપાન અને હોંગકોંગ પછી પાંચમા ક્રમે છે.
- વર્ષ **2022**ની શરૂઆતમાં ભારત સાતમા ક્રમે હતું.
- ભારતનું માર્કેટ કેપિટલાઈઝેશન **7.4%** ઘટ્યુ હોવા છતાં બે સ્થાન ચઢ્યુ છે. હવે ભારતનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન **3.21** ટ્રિલિયન ડોલર છે.
- માર્કેટ કેપિટલાઈઝેશન (માર્કેટ કેપ) એ સાર્વજનિક રૂપે ટ્રેડેડ કંપનીના બાકીના શેરનું કુલ બજાર મૂલ્ય છે.
- માર્કેટ કેપની ગણતરી કંપનીના કુલ બાકી શેરને એક શેરની વર્તમાન બજાર કિંમત દ્વારા ગુણાકાર કરીને કરવામાં આવે છે.

## ભારત સરકારે પાવર ફાઉન્ડેશનની સ્થાપના કરી

પાવર ફાઉન્ડેશન (Power Foundation) એ પાવર (ઉર્જા) અને સંલગ્ન ક્ષેત્ર માટે સરકાર દ્વારા સ્થાપવામાં આવેલી એક નીતિ સંસ્થા છે.

- પાવર ફાઉન્ડેશન એ પાવર મંત્રાલય (ઉર્જા મંત્રાલય)ના નેજા હેઠળ રચાયેલી એક સોસાયટી છે.
- આ પાવરગ્રીડ NTPC, RFC, PFC, NHPC, THDC અને SJVN જેવા મુખ્ય પાવર સેક્ટર સેન્ટ્રલ પબ્લિક એન્ટરપ્રાઈઝીસ દ્વારા સોસાયટી એક્ટ હેઠળ નોંધાયેલ છે.

### પાવર ફાઉન્ડેશનનું કાર્ય

- પાવર ફાઉન્ડેશનનો હેતુ ભારતને સ્વચ્છ ઉર્જા તરફ આગળ વધવામાં મદદ કરવાનો છે.
- તે રાજ્ય સરકારો અને વ્યવસાયોને અદ્યતન સંશોધનમાં મદદ કરશે.
- તે એક નીતિ હિમાયત સંસ્થા તરીકે કાર્ય કરશે અને રાજ્યને તમામ માટે ટકાઉ ઉર્જા પ્રદાન કરવામાં મદદ કરવા માટે ડેટા, નીતિ ભલામણો અને વાસ્તવિક દુનિયાના ઉકેલો પ્રદાન કરશે.

### ભારતમાં પુનઃ પ્રાપ્ય ઉર્જા ક્ષમતા

- ભારતમાં 1,636 GWથી વધુ રિન્યુએબલ એનર્જી (હાઈડ્રોપાવર સહિત)ની ક્ષમતા છે.
- વિવિધ નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતો દ્વારા વીજળી ઉત્પાદનમાં વધારો થયો છે અને નવીનીકરણીય ઉર્જા ટેરિફમાં ઘટાડો થયો છે.

### ભારતના લક્ષ્યો

- વર્ષ 2021માં ગ્લાસ્ગોમાં આયોજિત UNFCCC COP 26 સમિટમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2030 સુધીમાં ભારતની પુનઃ પ્રાપ્ય ઉર્જા ક્ષમતાને 500 GW સુધી વધારવાનું વચન આપ્યું હતું.
- ભારતે દેશના વીજ ઉત્પાદનમાં પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતોના યોગદાનને 50%થી વધુ વધારવાનું વચન પણ આપ્યું છે.
- પંચામૃત લક્ષ્યોના ભાગરૂપે COP 26માં ભારત દ્વારા કરવામાં આવેલી અન્ય એક મહત્વપૂર્ણ જાહેરાત મુજબ 2070 સુધીમા કાર્બન ન્યૂટ્રલ બનવાનું લક્ષ્ય છે.

નોંધ : (1) પાવર ફાઉન્ડેશનના અધ્યક્ષ શ્રી આર. કે. સિંહ એ કેન્દ્રીય ઉર્જા અને નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી છે.

(2) એક શોધ અને પસંદગી સમિતિએ ભૂતપૂર્વ પાવર સેક્રેટરી શ્રી સંજીવ નંદન સહાયને પાવર ફાઉન્ડેશનના ડિરેક્ટર જનરલ તરીકે નિયુક્ત કર્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફલડ પ્લેન ઝોનિંગ (Flood Plain Zoning)

તાજેતરમાં જળ શક્તિ મંત્રાલયે રાજ્યસભાને માહિતી આપી હતી કે મણિપુર, રાજસ્થાન, ઉત્તરાખંડ અને તત્કાલીન જમ્મુ કાશ્મીર રાજ્યોએ ફલડ પ્લેન ઝોનિંગ (પૂરના મેદાનો ઝોનિંગ) પોલિસી લાગુ કરી છે.

- જોકે પૂરના મેદાનોનું રેખાંકન અને સીમાંકન હજુ કરવાનું બાકી છે.
- અગાઉ ભારતના **CAG**એ કેરળ વિધાનસભામાં પૂરની તૈયારી અને પ્રતિભાવ અંગેનો અહેવાલ રજૂ કર્યો હતો.
- અહેવાલમાં જણાવાયું હતુ કે કેન્દ્ર સરકારે તમામ રાજ્યોમાં ફલડ પ્લેન ઝોનિંગ કાયદા માટે મોડલ ડ્રાફ્ટ બિલ પરિભ્રમણ કર્યાના 45 વર્ષ પછી રાજ્યોએ હજુ સુધી ફલડ પ્લેન ઝોનિંગ કાયદો ઘડ્યો નથી.

### ફલડ પ્લેન ઝોનિંગ

ફલડ પ્લેન ઝોનિંગને પૂર વ્યવસ્થાપન માટે અસરકારક બિન–માળખાકીય માપદંડ તરીકે ઓળખવામાં આવ્યું છે.

- ફલડ પ્લેન ઝોનિંગનો મૂળ ખ્યાલ પૂરને કારણે થતા નુકસાનને મર્યાદિત કરવા પૂરના મેદાનોમાં જમીનના ઉપયોગને નિયંત્રિત કરવાનો છે.
- તેનો ઉદ્દેશ્ય વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે સ્થાનો અને વિસ્તારોની સીમાઓ એવી રીતે નક્કી કરવાનો છે કે જેથી નુકસાન ઓછું થાય.
- તે સંવેદનશીલ અને સંરક્ષિત બંને વિસ્તારોના વિકાસ પર સીમાઓ નક્કી કરવાની કલ્પના કરે છે.
- અસુરક્ષિત વિસ્તારોમાં અંધાધૂંધ વિકાસ અટકાવવા માટે જે વિસ્તારોમાં વિકાસલક્ષી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મુકવામાં આવશે તેની સીમાઓ નક્કી કરવાની રહેશે.
- સંરક્ષિત વિસ્તારોમાં માત્ર આવી વિકાસલક્ષી પ્રવૃત્તિઓને જ મંજૂરી આપી શકાય છે, જેમાં રક્ષાત્મક પગલાંની નિષ્ફળતાના કિસ્સામાં ભારે નુકસાનનો સમાવેશ થતો નથી.
- ઝોનિંગ હાલની પરિસ્થિતિઓને હલ કરી શકતુ નથી, જોકે તે વિકાસ કાર્યોમાં પૂરને કારણે થતાં નુકસાનને ઘટાડવામાં ચોક્કસપણે મદદ કરશે.
- ફલડ પ્લેન ઝોનિંગ માત્ર નદીઓના કારણે પૂરના કિસ્સામાં જ જરૂરી નથી, પરંતુ તે ખાસ કરીને શહેરી વિસ્તારોમાં પાણી ભરાવાથી થતા નુકસાનને ઘટાડવામાં પણ ઉપયોગી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફલડ-પ્લેન ઝોનિંગ માટે મોડલ ડ્રાફ્ટ બિલ

ફલડ પ્લેન ઝોનિંગ માટેનું મોડલ બિલમાં સર્વેક્ષણો અને પૂરના મેદાન વિસ્તારનું રેખાંકન, પૂરના મેદાનોની મર્યાદાઓની સૂચના, પૂરના મેદાનોના ઉપયોગ પર પ્રતિબંધ, વળતર અને સૌથી અગત્યનું પાણીનો મુક્ત પ્રવાહ સુનિશ્ચિત કરવા અવરોધો દૂર કરવા વિશેની કલમો છે.

- આ અંતર્ગત પૂરગ્રસ્ત વિસ્તારોના નીચાણવાળા વિસ્તારોમાં રહેઠાણોને ઉદ્યાનો અને રમતગમતના મેદાનોથી બદલવામાં આવશે કારણ કે તે વિસ્તારોમાં માનવ વસવાટની ગેરહાજરીને કારણે જીવન અને સંપત્તિનું ઓછું નુકસાન થશે.



1. **'World Speech Day'** તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ **(D)**

2. 'વિશ્વ સંપર્ક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ **(D)**

3. 'પોલીસ ક્રૂરતા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ **(D)**

4. 'વિશ્વ ગ્રાહક દિન' અથવા તો 'વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ **(D)**

5. વર્ષ 2022ની 'વિશ્વ ગ્રાહક દિન'ની થીમ શું છે ?

(A) **Fair Digital Finance**

(B) **Consumer Justice Now**

(C) **The Sustainable Consumer**

(D) **Trusted Smart Products** **(A)**

6. તાજેતરમાં માર્કેટ કેપિટલાઈઝેશન (બજાર મૂડીકરણ)ની દષ્ટિએ ભારતનું ઈક્વિટી માર્કેટ પ્રથમ વખત વિશ્વમાં .............. માં સ્થાને પહોંચ્યું છે.

(A) ત્રીજા (B) ચોથા (C) પાંચમા (D) છઠ્ઠા **(C)**

7. ભારત સરકારે તાજેતરમાં પાવર ફાઉન્ડેશનની સ્થાપના કરી છે તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પાવર ફાઉન્ડેશન એ પાવર અને સંલગ્ન ક્ષેત્ર માટે સરકાર દ્વારા સ્થાપવામાં આવેલી એક નીતિ સંસ્થા છે.
2. પાવર ફાઉન્ડેશન એ પાવર મંત્રાલય (ઉર્જા મંત્રાલય)ના નેજા હેઠળ રચાયેલી એક સોસાયટી છે.
3. પાવર ફાઉન્ડેશનનો હેતુ ભારતને સ્વચ્છ ઉર્જા તરફ આગળ વધવામાં મદદ કરવાનો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1 (D) ફક્ત 2 **(B)**

8. તાજેતરમાં...........મંત્રાલયે રાજ્યસભાને માહિતી આપી હતી કે મણિપુર, રાજસ્થાન, ઉત્તરાખંડ અને તત્કાલિન જમ્મુ કાશ્મીર રાજ્યોએ 'ફ્લડ પ્લેન ઝોનિંગ' **(Flood Plain Zoning)** પોલિસી લાગુ કરી છે.

(A) જળ શક્તિ (B) ઉર્જા મંત્રાલય (C) ગૃહ મંત્રાલય (D) સહકાર મંત્રાલય **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ગુજરાત સરકારે સ્પોર્ટ્સ પોલિસી 2022-27 લોન્ચ કરી

તાજેતરમાં ગુજરાત સરકારે નવી 'રમત–ગમત નીતિ 2022-27' (ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી 2022-2027)નું અનાવરણ કર્યુ હતું.

- સ્પોર્ટ્સ પોલિસી 2022-27નો ઉદ્દેશ ગુજરાતમાં રમત–ગમતના પરિદૃશ્યને બદલવાનો છે.
- ગુજરાતમાં રમતગમતની પ્રતિભાને પ્રોત્સાહન આપવા અને સમગ્ર રાજ્યમાં વિશ્વસ્તરીય સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા પર સમાન ભાર મુકવામાં આવ્યો છે.
- આ પોલિસી દ્વારા ગુજરાત સરકાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટનું આયોજન કરીને અને તમામ ખેલાડીઓને ઈનામો આપીને રમતગમત સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો હેતુ ધરાવે છે.

## ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી 2022-27

સ્પોર્ટ્સ પોલિસી 2022-27 એ એથ્લેટ્સ માટે ચાર નવા ઉચ્ચ પ્રદર્શન કેન્દ્રો (અથવા હાઈ પર્ફોમન્સ સેન્ટર) સ્થાપવાની કલ્પના કરે છે, જે આંતરરાષ્ટ્રીય ધોરણોની તાલીમ સુવિધાઓ પ્રદાન કરે છે.

- આ નવા હાઈ પર્ફોમન્સ સેન્ટર (HPCs) માંથી એક માત્ર પેરા એથ્લેટ્સ માટે તાલીમ હેતુ માટે હશે.
- ઓલિમ્પિક માપદંડના આધારે ગુજરાતના તમામ નવા સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનશે.
- વ્યક્તિગત તાલીમ અને વિકાસ પ્રદાન કરવા માટે હાઈ પર્ફોમન્સ સેન્ટર પાસે ફિઝિયોથેરાપિસ્ટ, મનોવૈજ્ઞાનિકો, ન્યુટ્રિશનિસ્ટ્સ, સ્ટ્રેન્થ કોચ અને રમત વિશ્લેષકોની વિશેષ ટીમ હશે.
- હાઈ પર્ફોમન્સ સેન્ટર ઉપરાંત શ્રેષ્ઠતાના આઠ કેન્દ્રો પણ સ્થાપવામાં આવશે. HPCs અને શ્રેષ્ઠતા કેન્દ્ર (સેન્ટર ઓફ એક્સેલન્સ) બંનેની સ્થાપનામાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહિત કરવામાં આવશે.
- આ પોલિસી 'ઈલીટ એથલિટ વિકાસ કાર્યક્રમ'ની વ્યવસ્થા કરે છે.
- આ પોલિસીમાં ખેલાડીઓ માટે જંગી રોકડ પુરસ્કારો અને પ્રોત્સાહનોનું પણ વચન આપવામાં આવ્યું છે.
- આ ઉપરાંત સ્પોર્ટ્સ ઈન્ક્યુબેટર પણ સ્થાપિત કરવામાં આવશે.
- સ્પોર્ટ્સ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં ડેટા એનાલિટિક્સ અને સ્પોર્ટ્સ સાયન્સનો સમાવેશ કરવામાં આવશે.
- ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરિટી પોલિસીના અમલ માટે નોડલ એજન્સી હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં માતૃ મૃત્યુ દર (Maternal Mortality Ratio-MMR)

તાજેતરમાં રજિસ્ટ્રર જનરલની સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (SRH)ના કાર્યાલયે વર્ષ 2017-19માં ભારતમાં માતૃ મૃત્યુ દર (MMR) પર એક વિશેષ બુલેટિન બહાર પાડયુ છે.

- WHO અનુસાર માતૃત્વ મૃત્યુને ગર્ભવતી વખતે અથવા ગર્ભાવસ્થાના સમાપ્તિના 42 દિવસની અંદર ગર્ભાવસ્થા અથવા તેના સંચાલનને લગતા કોઈપણ કારણથી સ્ત્રીના મૃત્યુને 'માતૃ મૃત્યુ'માં વ્યાખ્યાયિત કરવામાં આવે છે.
- પ્રતિ એક લાખ જીવંત બાળકોના જન્મ પર થનાર માતાઓના મૃત્યુને 'માતૃત્વ મૃત્યુ દર' (MMR) કહે છે.

### માતૃ મૃત્યુ દર અંગે ભારતની સ્થિતિ

ભારતના માતૃ મૃત્યુ (MMR) દરમાં 10 પોઈન્ટનો ઘટાડો થયો છે.

- તે 2016-18માં 113થી ઘટીને 2017-19માં 103 (8.8% ઘટાડો) પર આવી ગયો છે.
- દેશમાં MMR વર્ષ 2014-2016માં ક્રમશઃ ઘટીને વર્ષ 2015-17માં 130, વર્ષ 2015-17માં 122, વર્ષ 2016-18માં 113 અને વર્ષ 2017-19માં 103 થયો છે.
- ઘણા વિકસિત દેશોએ સફળતાપૂર્વક MMRને સિંગલ ડિજિટમાં લાવ્યો છે.
- ઈટાલી, નોર્વે, પોલેન્ડ અને બેલારૂસમાં લઘુત્તમ MMR 2 છે, જ્યારે જર્મની અને યુકેમાં 7 છે તથા કેનેડામાં 10 અને યુ.એસ.માં 19 છે.
- ભારતના મોટા ભાગના પાડોશી દેશો નેપાળ (186), બાંગ્લાદેશ (173) અને પાકિસ્તાન (140) ઉચ્ચ MMR ધરાવે છે.
- જોકે ચીન અને શ્રીલંકા અનુક્રમે 18.3 અને 36 MMR સાથે વધુ સારી સ્થિતિમાં છે.

### રાજ્ય-વિશિષ્ટ આંકડા

સતત વિકાસ લક્ષ્ય (SDG Goals) હાંસલ કરનારા રાજ્યોની સંખ્યા હવે પાંચથી વધીને સાત થઈ ગઈ છે.


- જેમાં કેરળ (30), મહારાષ્ટ્ર (38), તેલંગાણા (56), તલિમનાડ (58), આંધ્રપ્રદેશ (58), ઝારખંડ (61) અને ગુજરાત (70) છે.
- કેરળમાં સૌથી ઓછો MMR નોંધાયો છે જે કેરળને રાષ્ટ્રીય MMR (103) કરતા આગળ રાખે છે.
- કેરળના માતૃ મૃત્યુ દરમાં 12 પોઈન્ટનો ઘટાડો થયો છે. અગાઉના SRS બુલેટિન (2015-17)એ રાજ્યના MMRને 42 પર મુકયો હતો, જે પાછળથી 43 પર ગોઠવાયો હતો.

- હવે એવા <u>નવ રાજ્યો</u> છે કે જેમણે રાષ્ટ્રીય આરોગ્ય નીતિ દ્વારા નિર્ધારિત **MMR** લક્ષ્યાંક હાંસલ કર્યો છે.
- જેમાં ઉપરના સાત રાજ્યો અને <u>કર્ણાટક **(83)**</u> તથા <u>હરિયાણા **(96)**</u>નો સમાવેશ થાય છે.
- ઉત્તરાખંડ **(101)**, પશ્ચિમ બંગાળ **(109)**, પંજાબ **(114)**, બિહાર **(130)**, ઓડિશા **(136)** અને રાજસ્થાન **(141)**માં **100**થી **150** વચ્ચે **MMR** છે.
- જ્યારે છત્તીસગઢ **(160)**, મધ્યપ્રદેશ **(163)**, ઉત્તરપ્રદેશ **(167)** અને આસામ **(205)**માં **MMR 150**થી ઉપર છે.

નોંધ : (1) <u>રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયા</u> એ <u>ગૃહ મંત્રાલય</u> હેઠળ કાર્ય કરે છે.

(2) વસતીની ગણતરી કરવા અને દેશમાં મૃત્યુ અને જન્મની નોંધણીનો અમલ કરવા ઉપરાંત તે સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (SRH)નો ઉપયોગ કરીને પ્રજનન અને મૃત્યુ દર અંગેનો અંદાજો પણ પ્રદાન કરે છે.

(3) <u>સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (SRS)</u> એ દેશનું સૌથી મોટુ વસતી વિષયક નમૂના સર્વેક્ષણ છે.



**1.** તાજેતરમાં ગુજરાત સરકારે નવી 'સ્પોર્ટ્સ પોલિસી' કયા સમયગાળા માટે લોન્ચ કરી છે ?

(A) 2022-27 (B) 2022-24

(C) 2022-29 (D) 2022-30 **(A)**

---

**2.** ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી 2022-27 અનુસાર એથ્લેટ્સ માટે કેટલા 'હાઈ પર્ફોમન્સ સેન્ટર' અથવા 'ઉચ્ચ પ્રદર્શન કેન્દ્રો' સ્થાપવામાં આવશે ?

(A) 2 (B) 4 (C) 6 (D) 10 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

---

**3.** તાજેતરમાં રજિસ્ટ્રાર જનરલની સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમના કાર્યાલયે વર્ષ 2017-19માં ભારતમાં 'માતૃ મૃત્યુ દર' (MMR) પર એક વિશેષ બુલેટિન બહાર પાડ્યું છે. તેમાં માતૃ મૃત્યુ દર અંગે ભારતની સ્થિતિ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ અહેવાલ અનુસાર ભારતના માતૃ મૃત્યુ દર (MMR)માં 10 પોઈન્ટનો ઘટાડો થયો છે.
2. કેરળમાં સૌથી ઓછું માતૃ મૃત્યુ દર (130) નોંધાયું છે.
3. જ્યારે સૌથી ઊંચો માતૃ મૃત્યુ દર આંધ્રપ્રદેશમાં (150) નોંધાયો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 (D) 1, 2 અને 3 **(B)**

## ભારત સરકાર 13 નદીઓને કાયાકલ્પ કરશે

14 માર્ચે વન, પર્યાવરણ અને આબોહવા મંત્રાલયે દેશની 13 મોટી નદીઓને કાયાકલ્પ (પુનર્જીવિત/નવીનીકરણ/જીર્ણોદ્ધાર) કરવા માટે એક પ્રોજેક્ટની જાહેરાત કરી હતી.

- આ 13 મોટી નદીઓમાં ઝેલમ, ચિનાબ, રાવી, બિયાસ, સતલજ, યમુના, બ્રહ્મપુત્રા, લુણી, નર્મદા, ગોદાવરી, મહાનદી, કૃષ્ણા અને કાવેરીનો સમાવેશ થાય છે.
- આ 13 નદીઓ ભારતના ભૌગોલિક વિસ્તારના લગભગ 57.45 ટકા વિસ્તારને આવરી લે છે.

### પ્રોજેક્ટના ચાર લક્ષ્યો

નદી કાયાકલ્પ પ્રોજેક્ટ નીચેના ચાર લક્ષ્યોને હાંસલ કરવા માંગે છે :

(1) નદીઓ અને તેમના લેન્ડસ્કેપનું ટકાઉ સંચાલન

(2) જૈવ વિવિધતા સંરક્ષણ અને પર્યાવરણીય પુનઃસંગ્રહ

(3) ટકાઉ આજીવિકા સુધારણા

(4) જ્ઞાન વ્યવસ્થાપન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### પ્રોજેક્ટ વિશે

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ ફોરેસ્ટ્રી રિસર્ચ એન્ડ એજ્યુકેશન (ICFRE)એ કાયાકલ્પ માટે પસંદ કરેલી 13 નદીઓનો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કર્યો છે.

- આ પ્રોજેક્ટની કિંમત 19,342.62 કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે અને તેને અમલમાં આવતા પાંચ વર્ષ લાગશે.
- નદી કિનારે જંગલો બનાવીને અથવા નદી કિનારે વૃક્ષારોપણ કરીને નદીઓને નવજીવન આપવાની યોજના છે.
- આ પ્રોજેક્ટ ભારતના જંગલ વિસ્તારને 7,417 ચોરસ કિલોમીટર સુધી વધારી શકે છે.
- નદી કિનારે જંગલો કુદરતી બરફ અને બાયોફિલ્ટર તરીકે કામ કરે છે, જે નદીઓના સ્વ શુદ્ધિકરણની પ્રક્રિયા હાથ ધરે છે.
- આ જંગલો કાર્બન સિંક બનાવશે કારણ કે તેઓ વાતાવરણીય કાર્બન ડાયોકસાઈડને શોષી લે છે; જેથી ભારતને તેના કાર્બન શોષણના લક્ષ્યોને પૂર્ણ કરવામાં મદદ મળશે.
- ICFRE દ્વારા તૈયાર કરવામાં આવેલ વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) અનુસાર આ નદીના જંગલોમાં 10 વર્ષ પછી 50.21 મિલિયન ટન $CO_2$ સમકક્ષ (CO2e) અલગ કરવાની ક્ષમતા છે.
- જ્યારે તેમની પાસે 20 વર્ષ પછી 74.76 મિલિયન ટન CO2e અલગ કરવાની ક્ષમતા છે.

- $CO_2$ સમકક્ષ એટલે કે કાર્બન ડાયોકસાઈડ અથવા અન્ય કોઈપણ GHG કે જે $CO_2$ જેટલી જ ગ્લોબલ વોર્મિંગ ક્ષમતા હોય.
- 13 નદીઓ સામૂહિક રીતે 18,90,110 ચોરસ કિ.મી.ને આવરી લે છે.
- પ્રોજેક્ટ હેઠળ 202 ઉપનદીઓ સહિત 13 નદીઓની કુલ લંબાઈ 42,830 કિમી છે.
- જેમાં બ્રહ્મપુત્રા રિવરસ્કેપમાં સૌથી વધુ સંખ્યામાં ઉપનદીઓ (30) છે.

નોંધ : ભારતે 2030 સુધીમાં 2.5 થી 3 અબજ ટન CO2e કાર્બન સિંક બનાવવાનું વચન આપ્યું છે.

## સુજલામ-સુફલામ જળ અભિયાનના પાંચમા તબક્કાનો ગાંધીનગરના કોલવડાથી રાજ્યવ્યાપી પ્રારંભ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'સુજલામ સુફલામ જળ અભિયાન'ના પાંચમા તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ ગાંધીનગરના કોલવાડા ગામેથી કરાવ્યો હતો.

### આ અભિયાનનો ઉદ્દેશ

'સુજલામ સુફલામ જળ અભિયાન'નો મુખ્ય ઉદ્દેશ ભુગર્ભ જળસ્તર ઊંચા લાવવાનો છે.

- ગુજરાતમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાના ઉદ્દેશથી આ અભિયાનનો પ્રારંભ થયો હતો.

### આ અભિયાનની વિશેષતા

ગુજરાતમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવા માટે તેમજ જળ સંચયનો વ્યાપ વધારવા માટે આ અભિયાન અંતર્ગત ચેકડેમ, તળાવ, નદી વગેરે જેવા જળાશયો ઊંડા કરવામાં આવશે.

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કોલવાડા ગામના તળાવને ઊંડુ કરવાની કામગીરીનો આરંભ કરાવી આ જળ અભિયાન વિધિવત રીતે શરૂ કરાવ્યું હતું.
- પાંચમા તબક્કાના આ સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તારીખ 31 મે 2022 સુધીમાં સમગ્ર રાજ્યમાં 13 હજારથી વધુ કામ હાથ ધરવામાં આવશે.
- તળાવો ઊંડા કરવા, ચેકડેમના ડિસીલ્ટિંગના કામો, જળાશયના ડિસીલ્ટિંગના કામો, નદીઓના કાંપની સાફ–સફાઈ કરી પુનર્જીવિત કરવાના કામો, ચેકડેમ રીપેરિંગ તેમજ નવા ચેકડેમ જેવા જળસંચયના કામો સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ કરવામાં આવે છે.
- આ વર્ષે આવા કામો દ્વારા જળસંગ્રહ શક્તિમાં 15000 લાખ ઘન ફૂટ જેટલો વધારો થવાનો અંદાજ છે.
- મનરેગા હેઠળ થનારા કામોમાં આ અભિયાન અંદાજે 25 લાખ કરતા વધુ માનવદિન રોજગારી પૂરી પાડશે.
- રાજ્યમાં આ જળ અભિયાનના ચાર તબક્કાને જન સહયોગથી જવલંત સફળતા મળી છે.
- વર્ષ 2018થી વર્ષ 2021ના વર્ષોમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત 56698 કામો થયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- 21402 તળાવો ઊંડા કરવાના અને નવા તળાવોના કામો તથા 1204 નવા ચેકડેમ કામો અને 50353 કિલોમીટર લંબાઈમાં નહેરો અને કાંપની સાફ–સફાઈના કાર્યો કરવામાં આવ્યા છે.
- 4 વર્ષમાં આ કામોના પરિણામે કુલ 61781 લાખ ઘન ફૂટ જેટલો જળસંગ્રહ ક્ષમતામાં વધારો થયો છે.
- આ ઉપરાંત 15693 લાખ માનવદિન રોજગારી ઊભી થઈ છે.

## આ અભિયાનનો પ્રારંભ

1 મે 2018ને ગુજરાતના 58માં સ્થાપના દિન નિમિત્તે ગુજરાતમાં સૌપ્રથમ વખત આ અભિયાનનો પ્રારંભ થયો હતો.

- આ અંતર્ગત ગુજરાતમાં ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના કોસમડી ગામના તળાવથી ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ રાજ્યવ્યાપી સુજલામ સુફલામ જળ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.
- વર્ષ 2018 બાદ 2019માં બીજા, 2020માં ત્રીજા અને 2021માં ચોથા તબક્કાનું આયોજન થયું હતું.
- અને હવે આ વર્ષે 2022માં આ અભિયાનના પાંચમાં તબક્કાનું આયોજન થયું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાતનો ઇતિહાસ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગુજરાતનો ઇતિહાસ વિષયમાં તમામ પરીક્ષાલક્ષી વિગતોને પદ્ધતિસર આવરી લેતું પુસ્તક
- પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગુજરાતમાં વિભાગને અંતે Most IMP Topic અલગ ચેપ્ટર સ્વરૂપે
- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, GCERT તથા NCERTના ઇતિહાસના પુસ્તકોના વિશેષ સંદર્ભનો નિચોડ
- ઇતિહાસની તમામ ઘટનાઓને ક્રમબદ્ધ રીતે આલેખવામાં આવેલું પુસ્તક




ફ્રી બુક લેટ 1700+ MCQ નો સમાવેશ

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને www.iceonline.in પર ઉપલબ્ધ છે.

1. તાજેતરમાં વન, પર્યાવરણ અને આબોહવા મંત્રાલયે દેશની કેટલી મોટી નદીઓને કાયાકલ્પ (પુનર્જીવિત/નવીનીકરણ) કરવા માટે એક પ્રોજેક્ટની જાહેરાત કરી છે ?

(A) 7 (B) 8

(C) 10 (D) 13 (D)

2. માર્ચ 2022માં ગુજરાતમાં જળસંચય માટે કયા અભિયાનનો પ્રારંભ થયો છે ?

(A) મુખ્યમંત્રી જળસંચય અભિયાન

(B) ગુજરાત જળસંચય અભિયાન

(C) સુજલામ સુફલામ જળસંચય જળ અભિયાન

(D) સુજલામ–સુફલામ જળ અભિયાન (D)

3. માર્ચ 2022માં ગુજરાતમાં સુજલામ સુફલામ જળ અભિયાનના કેટલામાં તબક્કાનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?

(A) બીજા (B) ચોથા

(C) પાંચમા (D) સાતમા (C)

4. 'સુજલામ સુફલામ જળ અભિયાન'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાન સાચા છે ?

1. ગુજરાતમાં જળસંચય વધારવા માટે તથા ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવા આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

2. મે, 2018થી આ અભિયાનનો પ્રારંભ થયો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને ખોટા (D) 1 અને 2 બંને સાચા (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## હોળી (ફાગણ માસની પૂનમ)

હિન્દુ પંચાંગ મુજબ હોળી ફાગણ માસની પૂનમે ઉજવવામાં આવે છે.

- આ અંતર્ગત વર્ષ 2022માં 17 માર્ચના રોજ સમગ્ર ભારતમાં હોળીનો તહેવાર ઉજવવામાં આવ્યો હતો.
- પરંપરા મુજબ હોળી 2 દિવસ મનાવવામાં આવે છે. આગલા દિવસે હોલિકા દહન હોય છે અને બીજા દિવસે ધૂળેટી હોય છે.
- જેમાં લોકો એક બીજાને રંગ ઉડાડીને ધૂળેટી ઉજવે છે.
- હોળીના તહેવાર સાથે 2 પરંપરાગત પૌરાણિક કથા જોડાયેલી છે : 'હિરણ કશ્યપ અને પ્રહલ્લાદની વાર્તા' તેમજ રાધા–કૃષ્ણનો રાસ.
- ફાગણ માસ દરમિયાન શિશિર અને વસંતઋતુનું મિલન થાય છે.
- હોળીને પ્રાચીન સમયના 'નવન્નેષ્ટિ' યજ્ઞનું સ્વરૂપ જ માનવામાં આવે છે.
- 'નવન્નેષ્ટિ' યજ્ઞમાં શેકેલ અનાજની આહુતિ આપવામાં આવે છે. શેકેલ અનાજને સંસ્કૃતિમાં હોલક શબ્દથી ઓળખવામાં આવે છે. અને હિન્દીમાં હોલી કહેવાય છે.
- અનુભવી વ્યક્તિઓ હોળીના દિવસે વરસાદના મુહૂર્ત કાઢે છે.
- તેમજ સૌરાષ્ટ્રના કારડિયા રાજપૂત લોકો હોળીના દિવસે 'આંબલી કાઢવાની રમત' રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ભારતના વિવિધ રાજ્યોમાં હોળીના જુદા જુદા નામ

| ક્રમ | રાજ્ય | હોળી કયા નામથી ઓળખાય ? |
|---|---|---|
| 1 | ઉત્તરપ્રદેશ | લઠ્ઠમાર હોળી |
| 2 | પંજાબ | હોલા–મહલ્લા |
| 3 | બિહાર | ફગુઆ/ફગવા |
| 4 | મહારાષ્ટ્ર | રંગ પંચમી |
| 5 | ઉત્તરાખંડ | ખાદી હોળી |
| 6 | મણિપુર | યોસંગ |
| 7 | પશ્ચિમ બંગાળ | બસંત ઉત્સવ અને ડોલજાત્રા |
| 8 | ગોવા | શિગ્મો |
| 9 | આસામ | ફકુવાહ અથવા દેઓલ |

# World Happiness Report 2022

યુનાઈટેડ નેશન્સના સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક (SDSN) દ્વારા તાજેતરમાં વર્ષ 2022નો 'વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં ભારત 136માં ક્રમે છે. જેમાં ભારતનો સ્કોર 3.777 છે.
- આ અગાઉ પ્રસિદ્ધ થયેલા રિપોર્ટમાં ભારત 139માં ક્રમે હતું.
- આ વર્ષે ભારતની રેન્કિંગમાં સુધારો જોવા મળ્યો છે.
- તાજેતરમાં વર્ષ 2022માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટ અનુસાર પાકિસ્તાન, ચીન, નેપાળ, ભૂટાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, મ્યાનમાર જેવા (અફઘાનિસ્તાન સિવાયના) ભારતના પાડોશી દેશો ભારત કરતા વધારે ખુશ છે.
- આ રિપોર્ટ અનુસાર વિશ્વમાં ફિનલેન્ડના લોકો સૌથી વધુ ખુશ છે.
- ફિનલેન્ડ બાદ ક્રમશઃ ડેનમાર્ક, આઈસલેન્ડ, સ્વિત્ઝર્લેન્ડ, નેધરલેન્ડ આ રિપોર્ટમાં ટોચના પાંચ સ્થાને છે.
- જ્યારે અફઘાનિસ્તાન આ રિપોર્ટમાં અંતિમ 146માં સ્થાને છે.

**વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2022 Rank**

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | ફિનલેન્ડ |
| 2 | ડેનમાર્ક |
| 3 | આઈસલેન્ડ |
| 4 | સ્વિત્ઝર્લેન્ડ |
| 5 | નેધરલેન્ડ |
| 16 | અમેરિકા |
| 54 | જાપાન |
| 72 | ચીન |
| 84 | નેપાળ |
| 94 | બાંગ્લાદેશ |
| 121 | પાકિસ્તાન |
| 127 | શ્રીલંકા |
| 136 | ઈન્ડિયા |
| 146 | અફઘાનિસ્તાન |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) આ રિપોર્ટ તૈયાર કરવા માટે માથાદીઠ આવક, સુશાસન, ભ્રષ્ટાચાર, દેશનો સોશિયલ સપોર્ટ, સ્વસ્થ રહેવાની આશા, નિર્ણયો લેવાની આઝાદી, દેશના નાગરિકોનું સરેરાશ આયુષ્ય વગેરે બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે.

(2) વિશ્વમાં હેપ્પીનેસ માપવાનો ખ્યાલ સૌપ્રથમ ભૂટાન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. ભૂટાનના પ્રસ્તાવથી યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2012થી આ રિપોર્ટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

## પંચાયતી રાજ મંત્રાલયની આપત્તિ વ્યવસ્થાપન યોજના

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી શ્રી ગિરિરાજ સિંહે તાજેતરમાં પંચાયતી રાજ મંત્રાલયની આપત્તિ વ્યવસ્થાપન યોજના બહાર પાડી હતી.

### પંચાયતી રાજ મંત્રાલયની આપત્તિ વ્યવસ્થાપન યોજના

તેને ગામથી જિલ્લા પંચાયત સ્તર સુધીના સમુદાય આધારિત આયોજનના વ્યાપક પરિપ્રેક્ષ્ય સાથે તૈયાર કરવામાં આવ્યું છે.

- આ યોજના હેઠળ દરેક ભારતીય ગામ પાસે 'ગામ આપત્તિ વ્યવસ્થાપન યોજના' (Village Disaster Management Plan) હશે અને દરેક પંચાયતની પોતાની ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન હશે.
- તેનો ઉદ્દેશ્ય પંચાયતો વચ્ચે પાયાના સ્તરે આપત્તિ સ્થિતિ સ્થાપકતાના નિર્માણ માટે અને ગ્રામીણ વિસ્તારોમાં આપત્તિ વ્યવસ્થાપન પગલાંને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ સાથે સંરેખિત કરવા માટે એક માળખું સ્થાપિત કરવાનો છે.
- તેમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ 2005, નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પોલિસી 2009 અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકાઓ ઉપરાંત અને નવીનતાઓનો સમાવેશ થાય છે.

### યોજના હેઠળ શું આવરી લેવામાં આવ્યું છે

- આ યોજના વ્યાપકપણે નીચેના ક્ષેત્રોને આવરી લે છે :

(a) આપત્તિ વ્યવસ્થાપન માટે સંસ્થાકીય વ્યવસ્થા

(b) જોખમ, નબળાઈ અને ક્ષમતા વિશ્લેષણ

(c) વિકાસ અને આબોહવા પરિવર્તનની ક્રિયામાં આપત્તિ જોખમ સંચાલનનું સંકલન

(d) આપત્તિ ચોક્કસ નિવારક અને શમન પગલાં–પ્રતિભાવ માળખું

(e) ગામો અને પંચાયતોની સમુદાય આધારિત આપત્તિ વ્યવસ્થાપન યોજનાને મુખ્ય પ્રવાહમાં લાવવા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યોજનાની આવશ્યકતા

ભારત તેની વિશિષ્ટ ભૌગોલિક આબોહવા અને સામાજિક–આર્થિક પરિસ્થિતિઓને કારણે વિવિધ કુદરતી અને માનવસર્જિત આપત્તિઓ માટે સંવેદનશીલ છે.

- કુદરતી આફતોમાં ભૂકંપ, પૂર, ભુસ્ખલન, ચક્રવાત, સુનામી, શહેરી પૂર, દુષ્કાળનો સમાવેશ થાય છે.
- માનવસર્જિત આપત્તિમાં પરમાણુ, જૈવિક અને રાસાયણિક આપત્તિનો સમાવેશ થઈ શકે છે.
- દેશના વિવિધ ભાગો ચક્રવાત, પૂર, ભૂકંપ, ભુસ્ખલન વગેરે માટે અત્યંત સંવેદનશીલ છે.

## આ પગલાનું મહત્ત્વ

સમુદાય આધારિત આપત્તિ વ્યવસ્થાપનની યોજનાઓની કલ્પના, આયોજન અને અમલીકરણ માટે સંકલન અને સામુહિક પગલાં મોટા પાયે આપત્તિઓના સંચાલનમાં ગેમ ચેન્જર સાબિત થશે.

- પંચાયતી રાજ સંસ્થાઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને પંચાયતોના પદાધિકારીઓ વગેરે સહિત તમામ હિતધારકો યોજનાના આયોજન, અમલીકરણ, દેખરેખ અને મૂલ્યાંકનમાં ભાગ લેશે.
- કોઈપણ આપત્તિ પ્રતિભાવ માટે સજ્જતા વ્યૂહરચનામાં સમુદાયની ભાગીદારી એક મહત્વપૂર્ણ પરિબળ છે. અને ગ્રામીણ વિસ્તારોમાં આપત્તિ વ્યવસ્થાપન સંબંધિત આ પ્રવૃત્તિઓ હાથ ધરવા અને ટકાવી રાખવા માટે સમુદાયની સક્રિય ભાગીદારી જરૂરી છે.
- આ યોજના આપત્તિ વ્યવસ્થાપન માટે એક સહભાગી આયોજન પ્રક્રિયાને સુનિશ્ચિત કરવા અત્યંત ઉપયોગી થશે.
- જે સમગ્ર દેશમાં આપત્તિઓને સંબોધવા અને સમુદાય આધારિત આપત્તિ વ્યવસ્થાપનના નવા યુગની શરૂઆત કરવા માટે ગ્રામ પંચાયત વિકાસ યોજના (GPDP) સાથે સંકલિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE®
MAGIC
સ્પર્ધાત્મક પરીક્ષાના
ટોપર્સ વિદ્યાર્થીઓ
માટેનું નં. 1 મેગેઝિન
FREE DOWNLOAD



1. હિન્દુ પંચાંગ મુજબ હોળી............માસની પૂનમે ઉજવવામાં આવે છે.

(A) ફાગણ (B) ચૈત્ર (C) વૈશાખ (D) આસો (A)

2. સૌરાષ્ટ્રના કારડિયા રાજપૂતો હોળીના દિવસે કઈ રમત રમે છે ?

(A) આંબલી–પીપળી (B) તરણ સ્પર્ધા

(C) આંબલી કાઢવાની રમત (D) હળ દોડાવવાની રમત (C)

3. વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2022માં ભારત કયા ક્રમે છે ?

(A) 122 (B) 133 (C) 136 (D) 140 (C)

4. વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2022માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) નોર્વે (B) ફિનલેન્ડ

(C) ડેન્માર્ક (D) નેધર લેન્ડ (B)

5. વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2022માં અંતિમ ક્રમે કયો દેશ છે ?

(A) બરુંડી (B) સાઉથ સુદાન

(C) કોંગો (D) અફઘાનિસ્તાન (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. તાજેતરમાં પંચાયતી રાજ મંત્રાલયની આપત્તિ વ્યવસ્થાપન યોજના બહાર પાડવામાં આવી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજના ગામથી જિલ્લા પંચાયત સ્તર સુધીના સમુદાય આધારિત આયોજનના વ્યાપક પરિપ્રેક્ષ્ય સાથે તૈયાર કરવામાં આવી છે.
2. આ યોજના હેઠળ દરેક ભારતીય ગામ પાસે 'ગામ આપત્તિ વ્યવસ્થાપન યોજના' હશે અને દરેક પંચાયતના પોતાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન હશે.
3. તેનો ઉદેશ્ય પંચાયતો વચ્ચે પાયાના સ્તરે આપત્તિ સ્થિતિ સ્થાપકતાના નિર્માણ માટે અને ગ્રામીણ વિસ્તારોમાં આપત્તિ વ્યવસ્થાપન પગલાંને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ સાથે સંરેખિત કરવા માટે એક માળખું સ્થાપિત કરવાનો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 3 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 2 અને 3 (A)

## દિવસ મહિમા : 19 માર્ચ, CRPF સ્થાપના દિવસ (CRPF Raising Day)

## હરિયાણાના સૂરજકુંડ ખાતે સૌથી મોટા હસ્તકલા મેળાનો પ્રારંભ

તાજેતરમાં 19 માર્ચથી 4 એપ્રિલ 2022 દરમિયાન ભારતમાં હરિયાણાના ફરિદાબાદ જિલ્લાના સૂરજકુંડ ખાતે '35મા સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળા 2022' (35th Surajkund International Crafts Mela 2022) નું આયોજન કરવામાં આવ્યું છે.

- કોવિડ-19 મહામારીના કારણે બે વર્ષના લાંબા સમયગાળા બાદ આ મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.
- સૂરજકુંડ ખાતે યોજાતો આ મેળો વિશ્વનો સૌથી મોટો હસ્તકલા મેળો છે.
- સૂરજકુંડ સરોવર પાસે યોજાતા આ મેળાનો પ્રારંભ 1987થી થયો હતો.
- તાજેતરમાં 19 ફેબ્રુઆરી, 2022ના રોજ હરિયાણાના રાજ્યપાલ શ્રી બંડારુ દત્તાત્રેય અને હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટરે આ મેળાનો શુભારંભ કરાવ્યો હતો.
- આ મેળામાં લાખો પ્રવાસીઓ ભાગ લે છે.
- આ મેળામાં અનેક રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કારીગરો પોતાની કલા તથા સંસ્કૃતિનું પ્રદર્શન કરે છે.
- સૂરજકુંડ મેળાનું આયોજન દર વર્ષે એક નવી થીમ પર કરવામાં આવે છે અને તેના આધારે મેળાને શણગારવામાં આવે છે.
- આ અંતર્ગત આ મેળામાં થીમ સ્ટેટ તરીકે આ વર્ષે જમ્મુ–કાશ્મીરની પસંદગી કરવામાં આવી છે.
- જેમાં વૈષ્ણોદેવી મંદિરની પ્રતિકૃત્તિઓ, અમરનાથ મંદિર, કાશ્મીરનું સ્થાપત્ય આ વર્ષે મુખ્ય આકર્ષણ હશે.
- તેમાં 20થી વધુ દેશો ભાગ લઈ રહ્યા છે તથા આ વખતે ભાગ લેનાર પાર્ટનર દેશ ઉઝબેકિસ્તાન છે.



1. કયા દિવસે 'CRPF સ્થાપના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 18 માર્ચ (B) 19 માર્ચ (C) 20 માર્ચ (D) 21 માર્ચ **(B)**

2. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં સૌથી મોટા હસ્તકલા મેળાનું આયોજન થયું હતું ?

(A) હિમાચલ પ્રદેશ (B) હરિયાણા

(C) ઉત્તરાખંડ (D) ઉત્તરપ્રદેશ **(B)**

3. તાજેતરમાં ભારતમાં હરિયાણામાં આવેલા કયા સ્થળે વિશ્વના સૌથી મોટા હસ્તકલા મેળાનું આયોજન થયું હતું ?

(A) સૂરજકુંડ, જિ. ફરિદાબાદ (B) સૂરજકુંડ, જિ. ફતેહબાદ

(C) સૂરજકુંડ, જિ. ગુરુગ્રામ (D) સૂરજકુંડ, જિ. પાણીપત **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. ભારતમાં હરિયાણાના ફરિદાબાદ જિલ્લામાં હરિયાણા રાજ્યના રાજ્યપાલ શ્રી બંડારુ દત્તાત્રેય અને મુખ્યમંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટરે કેટલામાં 'સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળા 2022'નો શુભારંભ કરાવ્યો છે ?

(A) 32મા (B) 33મા

(C) 34મા (D) 35મા **(D)**

5. તાજેતરમાં હરિયાણામાં યોજાયેલા '35મા સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળા 2022'માં થીમ સ્ટેટ તરીકે કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશની પસંદગી કરવામાં આવી છે ?

(A) જમ્મુ કાશ્મીર (B) નાગાલેન્ડ

(C) પંજાબ (D) મહારાષ્ટ્ર **(A)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# ONE LINER

## ગુજરાત

➤ **સહકારથી સમૃદ્ધિ વિરાટ સંમેલન**

દેશની આઝાદીના 75 વર્ષ પૂર્ણ થવાના 'આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સુરત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ–સુમુલ ડેરી દ્વારા બાજીપુરા ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષ સ્થાને 'સહકારથી સમૃદ્ધિ' વિરાટ સંમેલન યોજાયુ હતું. સંમેલન સ્થળેથી સહકાર મંત્રીશ્રીના હસ્તે 'સહિ પોષણ, દેશ રોશન' અભિયાન અંતર્ગત રાજ્ય સરકાર અને ગુજરાત કો. ઓપ. મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના સહયોગથી સુમુલ ડેરી દ્વારા નવનિર્મિત સત્વ ફોર્ટિફાઈડ તેમજ ચક્કી આટા પ્લાન્ટનું ઉદ્‌ઘાટન તેમજ નવી પારડીમાં બનનારા અત્યાધુનિક 'બટર કોલ્ડ સ્ટોરેજ' તથા 'પાવડર વેર હાઉસ'નું ભૂમિપુજન, સુમુલ દાણ ફેક્ટરીના રો–મટીરિયલ વેસ્ટને ઓર્ગેનિક ખાતરમાં રૂપાંતરિત કરી રાજ્ય સરકારના ઓર્ગેનિક ફાર્મિંગના કોન્સેપ્ટને વેગ આપવા 'સુમુલ બાયો કમ્પોસ્ટ ઓર્ગેનિક ખાતર ઉત્પાદન એકમ' તેમજ પશુ વંધ્યત્વ નિવારણ અને પશુઓની દૂધક્ષમતા વધારવા માટે જરૂરી પશુ આહાર સપ્લીમેન્ટ 'સુમુલ ફર્ટીકેર ગોલ્ડ બોલસ' અને 'સુમુલ ન્યુટ્રીમિલ્ક ફીડ–સપ્લીમેન્ટર્સ ઉત્પાદન એકમોનું ઉદ્‌ઘાટન ગૃહમંત્રીશ્રીના વરદ હસ્તે સંપન્ન થયું હતું. આ ઉપરાંત શ્રી અમિતભાઈ શાહ અને ભૂપેન્દ્રભાઈ પટેલે સુમુલ દાણ ફેકટરીના પરિસરમાં સુમુલના 'સહકાર ધ્વજ'નું આરોહણ કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **દાંડી માર્ચ : સાયકલ યાત્રા**

અમદાવાદના કોચરબ આશ્રમ ખાતેથી દાંડી કૂચ દિવસે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે દાંડી સાયકલ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. 12 માર્ચથી 7 દિવસની આ દાંડી સાયકલ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે દાંડીયાત્રાની શરૂઆત મહાત્મા ગાંધીજીએ તેમના 78 સાથીદારો સાથે અમદાવાદના સાબરમતી આશ્રમથી 12 માર્ચ, 1930ના રોજ પદયાત્રા સ્વરૂપે શરૂ કરી હતી. અને 5 એપ્રિલ, 1930ના રોજ 241 માઈલ (387 કિમી)નું અંતર કાપીને 24 દિવસ બાદ સત્યાગ્રહીઓ દાંડી ગામે પહોંચ્યા હતા. ત્યારબાદ 6 એપ્રિલ, 1930ના રોજ સવારે 6 : 30 કલાકે ગાંધીજીએ દાંડીના દરિયા કિનારેથી ચપટી મીઠું ઉપાડીને કાયદાનો સવિનય ભંગ કર્યો હતો.

➢ **મહિલા સંત સંમેલન : ધોરડો, કચ્છ**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે કચ્છના ધોરડોમાં રાજ્યનું પ્રથમ મહિલા સંત સંમેલન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલી ઉપસ્થિતિમાં યોજાયું હતું. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સંમેલનને સંબોધન કરતા જણાવ્યુ હતું કે મહિલાઓ નૈતિકતા, વફાદારી, નિર્ણયકતા અને નેતૃત્વનું પ્રતિબિંબ છે. આ ઉપરાંત પાણીની જાળવણી માટે કચ્છની મહિલાઓની ભૂમિકાની પ્રશંસા પણ કરી હતી. વડાપ્રધાનશ્રીએ 1971ના યુદ્ધમાં આ વિસ્તારની વીરાંગના મહિલાઓના યોગદાનને યાદ કર્યુ હતું.

➢ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'સીમા ભવાની શોર્ય એક્સપેડીશન' એમ્પાવરમેન્ટ રાઈડ-2022નું ગાંધીનગરથી પ્રસ્થાન કરાવ્યું**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બોર્ડર સિક્યુરિટી ફોર્સની જાબાંઝ મહિલા કર્મીઓના 'સીમા ભવાની શૌર્ય એક્સપેડીશન–એમ્પાવરમેન્ટ રાઈડ 2022'ને બી. એસ. એફ. ગુજરાતના હેડક્વાર્ટર ગાંધીનગરથી પ્રસ્થાન કરાવ્યું હતું. નવી દિલ્હીના ઈન્ડિયા ગેટથી ગત તારીખ 8મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે આ 35 જેટલી ડેરડેવિલ બાઈકર્સની ટીમની સાહસિક સફર શરૂ થઈ છે. બી.એસ.એફ.ની આ મહિલા બાઈકર્સ ટીમ ગુજરાત બી.એસ.એફ. હેડકવાર્ટર આવી પહોંચતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેને સફળતાની શુભેચ્છાઓ પાઠવી આગળના પ્રયાણ માટે ફ્લેગ ઓફ કરાવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

➢ **બહિની યોજના**

સિક્કિમ સરકાર મફત સેનેટરી પેડ્સ પ્રદાન કરવા માટે વેન્ડિંગ મશીનો સ્થાપિત કરવા માટે એક બહિની–યોજના જાહેર કરવા તૈયાર છે. આ પ્રથમ વખત છે જ્યારે રાજ્ય સરકારે આ પ્રકારના કાર્યક્રમ હેઠળ ધોરણ 9-12માં અભ્યાસ કરતી તમામ છોકરીઓને આવરી લેવાનો નિર્ણય કર્યો છે. આ યોજનાનો ઉદ્દેશ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળામાં જતી દીકરીઓને મફત અને સલામત સેનેટરી પેડ્સની 100% એક્સેસ પ્રદાન કરવાનો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ **શ્રી એ. કે. સીકરી ચારધામ પ્રોજેક્ટ પર સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત**

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે શ્રી એ. કે. સીકરીને ઉચ્ચ સત્તાવાળી સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે, જે સમગ્ર હિમાલયની ખીણ પર ચારધામ પ્રોજેક્ટની સંચિત અને સ્વતંત્ર અસરનું મૂલ્યાંકન કરશે. વર્ષ 2019માં પ્રોફેસર રવિ ચોપરાને સુપ્રીમ કોર્ટ દ્વારા ઉચ્ચ સત્તાવાળી સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. પ્રોફેસર રવિ ચોપરાએ જાન્યુઆરીમાં પદ પરથી રાજીનામું આપી દીધુ હતું. નોંધનીય છે કે 14 ડિસેમ્બર 2021ના રોજ ઉત્તરાખંડમાં વ્યૂહાત્મક ચારધામ હાઈ–વે પ્રોજેક્ટ ડબલ લેન પહોળો કરવાની મંજૂરી આપી હતી.

➤ **Vincov-19 : કોવિડ માટે ભારતની પ્રથમ સ્વદેશી દવા**

ઉત્તમ પરિણામો દર્શાવતી ક્લિનિકલ ટ્રાયલની પૂર્ણાહુતિ સાથે વિન્કોવ-19 નામની Covid-19ની સારવાર માટે પ્રથમ સ્વદેશી દવા ટૂંક સમયમાં લોકો માટે ઉપલબ્ધ થવાની અપેક્ષા છે. CSIR-Centre for Cellular & Molecular Biology (CCMB), VINS Bioproducts, અને યુનિવર્સિટી ઓફ હૈદરાબાદ (UOH) એ Vincov-19 બનાવવા માટે સહયોગ કર્યો છે. આ દવા બનાવવા માટે SARS-Cov-2 વાયરસને નિષ્ક્રિય કરવામાં આવે છે અને તેને ઘોડામાં ઈન્જેક્ટ કરવામાં આવે છે. પછી લોહીના સીરમ દ્વારા ઉત્પન્ન થતા એન્ટિબોડીઝનું સંશ્લેષણ કરવામાં આવે છે અને પછી તેને શુદ્ધ કરીને દવામાં રૂપાંતરિત કરવામાં આવે છે. આ દવા પછી કોવિડ વાયરસને નિષ્ક્રિય કરવા માટે મનુષ્યમાં ઈન્જેક્ટ કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **જેન્ડર સંવાદ (Gender Samwaad)**

તાજેતરમાં ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા 'જેન્ડર સંવાદ'ની ત્રીજી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. દીનદયાળ અંત્યોદય યોજના–રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) હેઠળ 'જેન્ડર સંવાદ' એ એક રાષ્ટ્રીય પહેલ છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સમગ્ર દેશમાં લિંગ અસમાનતા સામે જાગૃતિ લાવવાનો છે. જેન્ડર સંવાદની ત્રીજી આવૃત્તિની થીમ 'Promotion of food and nutrition security through women's collectives' છે. રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશન (SRLM)ના 3000થી વધુ કર્મચારીઓ અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી સ્વ–સહાય જૂથો (SHGs)ના સભ્યોએ 'લિંગ સંવાદ'ની ત્રીજી આવૃત્તિમાં ભાગ લીધો હતો. નોંધનીય છે કે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ સપ્તાહ દરમિયાન 7થી 13 માર્ચ 2022 દરમિયન આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગ્રામીણ વિકાસ મંત્રાલયના પ્રતિષ્ઠિત સપ્તાહની ઉજવણીના ભાગરૂપે 'જેન્ડર સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ➢ મેરી પોલિસી મેરે હાથ અભિયાન

તાજેતરમાં કર્ણાટકના હાસનમાં 'મેરી પોલિસી મેરે હાથ' અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. 'મેરી પોલિસી મેર હાથ' અભિયાન એ પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાનો એક ભાગ છે. આ અભિયાનનો ઉદ્દેશ્ય દેશના તમામ ખેડૂતોને તેમના પાકનો વીમો લેવા માટે પ્રેરિત કરવાનો છે. આ કાર્યક્રમ હેઠળ પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) હેઠળ વીમો લેનાર દરેક ખેડૂતને તેમના ઘરઆંગણે પોલિસી દસ્તાવેજો મળશે. આ અભિયાન ખેડૂતોને પાક વીમાની જાગરૂકતા અને વીમા પોલિસીને તેમના ઘર સુધી પહોંચાડીને અશક્ત બનાવે છે. આ અભિયાન ખેડૂતો અને વીમા કંપનીઓ વચ્ચે સીધો સંવાદ વધારવામાં પણ મદદ કરશે.

## ➢ મીના સ્વામીનાથન

સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) શરૂ કરવાની ભલામણ કરતી સમિતિની અધ્યક્ષતા કરનાર જાણીતા શિક્ષણવિદ અને બાળ સંભાળના નિષ્ણાત મીના સ્વામીનાથનનું તાજેતરમાં 89 વર્ષની વયે અવસાન થયું છે. તેઓ મોબાઈલ ક્રેચેના સ્થાપકોમાંના એક હતા અને યુનેસ્કો અને યુનિસેફ સાથે બાળ સંરક્ષણ, સંભાળ અને શિક્ષણ પર આંતરરાષ્ટ્રીય સલાહકાર પણ હતા. તેમણે પ્રિ–સ્કૂલ ચિલ્ડ્રન પર સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડ ઓફ એજ્યુકેશન (CABE) કમિટીના અધ્યક્ષ તરીકે 'રિપોર્ટ ઓન પ્રિ–સ્કૂલ ચાઈલ્ડ' (1972)ના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➢ કર્ણાટકે ડિજિટલ વોટર ડેટા બેંક લોન્ચ કર્યુ

તાજેતરમાં કર્ણાટકના આઈ.ટી. મંત્રી સી.એન. અશ્વથ નારાયણે ભારતની પ્રથમ ડિજિટલ વોટર ડેટા બેંક 'એક્વેરિયમ' (AQVERIUM) લોન્ચ કરી છે. ડિજિટલ વોટર ડેટા બેંક એ વિવિધ સંસ્થાઓ પાસેથી મેળવેલા પાણીના ડેટાની યાદી છે. તે પાણીના વિવિધ પાસાઓ વિશે વિશ્વસનીય માહિતી પ્રદાન કરે છે. તે પાણી–સુરક્ષિત વિશ્વ હાંસલ કરવા પુરાવા આધારિત નીતિઓ અને નિર્ણય લેવામાં મદદ કરે છે. આ ડેટા વિકાસના કેટલાક સામાન્ય પડકારો અને જળ પ્રદૂષણને દૂર કરવામાં મદદ કરશે. AQVERIUM એ ભારતની પ્રથમ ડિજિટલ વોટર બેંક છે. તે એક્વાક્રાફ્ટ વેન્ચર્સની પહેલ છે, જે એક નવી કંપની છે અને બધાને પીવાનું પાણી અને સ્વચ્છતા પ્રદાન કરવા માટે ટકાઉ પહેલોમાં કુશળતા ધરાવે છે.

➤ **ન્યુટ્રાસ્યુટિકલ ઉત્પાદનો હવે જનઔષધી કેન્દ્રોમાં ઉપલબ્ધ થશે**

હવેથી પ્રધાનમંત્રી ભારતીય જનઔષધી પ્રોજેક્ટ (PMBJP) કેન્દ્રોમાં ન્યુટ્રાસ્યુટિકલ ઉત્પાદનો પણ ઉપલબ્ધ થશે. ન્યુટ્રાસ્યુટિકલ્સ એ કોઈપણ ખોરાક સંબંધિત પદાર્થો છે જે આરોગ્ય અને તબીબી લાભો પ્રદાન કરે છે. તેઓ અમુક રોગોને રોકવા અને સારવાર કરવામાં પણ મદદ કરે છે. ન્યુટ્રાસ્યુટિકલ ઉત્પાદનોમાં પ્રોટીન પાઉડર, પ્રોટીન બાર, વિટામિન સપ્લીમેન્ટ્સ વગેરેનો સમાવેશ થાય છે.

## વિશ્વ

➤ **કતાર યુ.એસ.નું મુખ્ય બિન-નાટો સહયોગી બન્યુ (Major Non-NATO Ally)**

તાજેતરમાં કતાર યુ.એસ.નું મુખ્ય બિન–નાટો સહયોગી બન્યું છે. મુખ્ય બિન–નાટો સાથી એ યુ.એસ. સરકાર દ્વારા તેના કેટલાંક નજીકના સહયોગીઓને આપવામાં આવેલ દરજ્જો છે. યુ.એસ. સરકાર એવા દેશોને મુખ્ય બિન–નાટો સહયોગીનો દરજ્જો આપે છે જેઓ નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (NATO)ના સભ્ય નથી પરંતુ યુ.એસ. સશસ્ત્ર દળો સાથે વ્યૂહાત્મક સંબંધો ધરાવે છે. મુખ્ય બિન–નાટો સાથીનો દરજ્જો 1987માં બનાવવામાં આવ્યો હતો.

➤ **રોઝા બોનહેર (Rosa Bonheur)**

ગૂગલે ફ્રેન્ચ ચિત્રકાર રોઝા બોનહેરના 200માં જન્મદિવસની ઉજવણી માટે 16 માર્ચે ડૂડલ બનાવ્યું હતું. નોંધપાત્ર રીતે તેણીની સફળ કારકિર્દીએ કલા મહિલાઓની ભાવી પેઢીને પ્રેરણા આપી છે. પ્રાણી ચિત્રકાર અને શિલ્પકાર તરીકે શ્રી રોજા બોનહેરની પ્રતિષ્ઠા 1840ના દાયકામાં વધી હતી. તેમની ઘણી કૃતિઓ 1841થી 1853 દરમિયાન પ્રતિષ્ઠિત પેરિસ સલૂનમાં પ્રદર્શિત કરવામાં આવી હતી.

➤ **ઈસ્લામોફોબિયા સામે લડવાનો આંતરરાષ્ટ્રીય દિવસ**

તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ 15 માર્ચને ઈસ્લામાફોબિયા સામે લડવા માટેના આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે સ્થાપિત કરવાના ઠરાવને મંજૂરી આપી છે. આ ઠરાવ પાકિસ્તાને ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (OIC) વતી રજૂ કર્યો હતો. આ ઠરાવ અથવા પ્રસ્તાવ 193 સભ્ય દ્વારા સર્વસંમતિથી અપનાવવામાં આવ્યો હતો, જે મુખ્યત્વે 55 મુસ્લિમ દેશો દ્વારા પ્રાયોજિત છે. આ ઠરાવ ધર્મ અને માન્યતાની સ્વતંત્રતાના અધિકાર પર ભાર મૂકે છે અને 1981ના ઠરાવને પુનરાવર્તિત કરે છે જેમાં ધર્મ અથવા આસ્થાના આધારે તમામ પ્રકારની અસહિષ્ણુતા અને ભેદભાવનો અંત લાવવા માટે કહેવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- તાજેતરમાં સહકારથી સમૃદ્ધિ વિરાટ સંમેલન ગુજરાતમાં કયાં યોજાયું હતું ? – બાજીપુરા (સુરત)
- અમદાવાદના કોચરબ આશ્રમ ખાતેથી દાંડી કૂચના દિવસે કોણે દાંડી સાયકલ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો ? – શ્રી અમિતભાઈ શાહ
- આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ગુજરાતના કયા સ્થળે રાજ્યનું પ્રથમ મહિલા સંત સંમેનલ યોજાયું હતું ? – ધોરડો, કચ્છ
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે BSFની જાંબાઝ મહિલા કર્મીઓના 'સીમા ભવાની શૌર્ય એક્સેપેડીશન' એમ્પાવરમેન્ટ રાઈડ-2022નું..................થી પ્રસ્થાન કરાવ્યું હતું. – ગાંધીનગર
- મફત સેનેટરી પેડ્સ પ્રદાન કરવા માટેની 'બહિની યોજના' કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – સિક્કિમ
- તાજેતરમાં કોને ચારધામ પ્રોજેક્ટ પર સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ?– શ્રી એ. કે. સીકરી
- ............યુ.એસ.નું મુખ્ય બિન–નાટો સહયોગી બન્યું. – કતાર
- Vincov-19 શું છે ? – કોવિડ માટે ભારતની પ્રથમ સ્વદેશી દવા
- તાજેતરમાં ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા 'જેન્ડર સંવાદ'ની કેટલામી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું ? – ત્રીજી
- .............ઉત્પાદનો હવે જનઔષધી કેન્દ્રોમાં ઉપલબ્ધ થશે. – ન્યુટ્રાસ્યુટિકલ
- તાજેતરમાં...........રાજ્યના હાસનમાં 'મેરી પોલિસી મેરે હાથ' અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. – કર્ણાટક
- ગૂગલે ફ્રેન્ચ ચિત્રકાર રોઝા બોનહેરના કેટલામાં જન્મદિવસની ઉજવણી માટે 16 માર્ચે ડૂડલ બનાવ્યું હતું ? – 200મા
- તાજેતરમાં મીના સ્વામીનાથનનું નિધન થયું છે. તેઓ શેની સાથે સંકળાયેલા હતા ? – શિક્ષણવિદ
- તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ કયા દિવસને 'ઈસ્લામોફિબિયા સામે લડવાનો આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે ઉજવવાની મંજૂરી આપી છે ? – 15 માર્ચ
- ..................એ તાજેતરમાં ડિજિટલ વોટર ડેટા બેંક લોન્ચ કર્યુ છે ? – કર્ણાટક

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. પૂજ્ય સંત શ્રી સદારામ બાપુની કેટલામી જન્મ જયંતિની દિયોદરમાં ઉજવણી કરવામાં આવી હતી ? – 115મી
(બનાસકાઠાં વિસ્તારના શ્રદ્ધેય સંત પૂજ્ય સદારામ બાપુની 115મી જન્મ જયંતિની દિયોદર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષીય ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી હતી.)

2. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા અધિવેશન' યોજાયું હતું ? – સુરત
(આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ગાદીવાળા માતૃશ્રીના પ્રાગટ્યોત્સવ અંતર્ગત અખિલ ભારતીય દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળ દ્વારા ઉત્તરપ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલના અધ્યક્ષ સ્થાને સુરતમાં 'ભક્તિ અને શક્તિનો સમન્વય–આંતરરાષ્ટ્રીય મહિલા અધિવેશન યોજાયું હતું.)

3. સિલિપ્સીમોપોડી બિડેની (Sillipsimopody bideni) નામની પ્રજાતિનો અશ્મિ તાજેતરમાં..................માં શોધાય હતી. – મધ્ય મોન્ટાના
(તેનું નામ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેનના નામ પરથી રાખવામાં આવ્યું છે.)

4. તાજેતરમાં નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો (NCRB)નો કેટલામો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો ? – 37મો

5. કયું કેન્દ્રીય મંત્રાલય 'Strengthening of Pharmaceutical Industry (SPI)' યોજના લાગુ કરી રહ્યું છે ?
– રસાયણ અને ખાતર મંત્રાલય

6. પંડ્રેથન મંદિર (Pandrethan temple) જે તાજેતરમાં સમાચારમાં હતું. તે ભારતના કયા રાજ્ય અથવા કેન્દ્ર શસિત પ્રદેશમાં આવેલું છે ? – જમ્મુ અને કાશ્મીર
(પંડ્રેથન મંદિર એ 8મી સદીનું હેરિટેજ સ્થળ છે જે શ્રીનગરના બદામીબાગમાં આવેલું છે.)

7. ઉર્જા મંત્રાલય હેઠળ રચાયેલ વીજળી અને સંબંધિત ક્ષેત્રો માટે 'નીતિ હિમાયતિ શાખા'નું નામ શું છે ?
– Power Foundation

8. નેશનલ ફાઈનાન્સિયલ રિપોર્ટિંગ ઓથોરિટી (NFRA)ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
– અજય ભૂષણ પાંડે

9. માર્ચ 2022 સુધીમાં માર્કેટ કેપિટલાઈઝેશનની દષ્ટિએ વૈશ્વિક યાદીમાં ભારતનો ક્રમ કેટલો છે ? – પાંચમો

10. ...............સરકારે તેની વાર્ષિક નાણાકીય યોજનાના ભાગરૂપે પ્રથમ વખત બાળકો માટે 'બાળ બજેટ' રજૂ કર્યુ હતું. – મધ્યપ્રદેશ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**11.** રાષ્ટ્રીય ભારતીય મિલિટરી કોલેજ (RIMC), જે તાજેતરમાં સમાચારમાં હતી, તે ભારતના કયા રાજ્યમાં આવેલી છે ? – ઉત્તરાખંડ

(ભારતની સૌથી જૂની લશ્કરી શાળા, રાષ્ટ્રીય ભારતીય લશ્કરી કોલેજ (RIMC)એ તાજેતરમાં તેના 100 વર્ષ પૂર્ણ કર્યા છે. તે ઉત્તરાખંડના દેહરાદુનમાં સ્થિત છે. માર્ચ 1922માં તત્કાલિન પ્રિન્સ ઓફ વેલ્સ દ્વારા આ લશ્કરી તાલીમ સંસ્થાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.)

**12.** 'The Museum of the Future' જે તાજેતરમાં સમાચારમાં હતું, તે કયા દેશમાં આવેલું છે ?

– સંયુક્ત આરબ અમીરાત

**13.** તાજેતરમાં ભારતની કઈ રાજ્ય સરકારે 'મુખ્યમંત્રી ચા શ્રમી કલ્યાણ પ્રકલ્પ' નામની વિશેષ યોજનાની જાહેરાત કરી છે ? – ત્રિપુરા

(આ યોજનાનો ઉદ્દેશ ત્રિપુરાના લગભગ 7000 ચાના બગીચાના કામદારોની સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.)

**14.** દિલ્હીમાં ઈલેક્ટ્રિક ઓટોની ખરીદી અને નોંધણી માટે દિલ્હી સરકાર દ્વારા કઈ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે ?

– my Ev

**15.** અમેરિકન બ્રોકરેજ કંપની મોર્ગન સ્ટેનલીએ 1 એપ્રિલથી શરૂ થઈ રહેલા નાણાકીય વર્ષ 2022-23 માટે ભારતના GDP દરનો અંદાજ ઘટાડીને............કર્યો છે. – 7.9 ટકા

**16.** તાજેતરમાં કયા ખેલાડીએ વિશ્વમાં સૌથી વધુ ગોલ કરી ઈતિહાસ રચ્યો છે ? – ક્રિસ્ટિયાનો રોનાલ્ડો

(ક્રિસ્ટિયાનો રોનાલ્ડો વિશ્વમાં સૌથી વધારે ગોલ નોંધાવનાર ફૂટબોલર ખેલાડી બની ગયા છે. તાજેતરમાં તેમણે ચેક રિપબ્લિકના મહાન ખેલાડી જોસેફ બાઈકનના 805 ગોલનો રેકોર્ડ તોડયો હતો.)

**17.** તાજેતરમાં સમાચારમાં રહેલ ULPIN કઈ ક્ષેત્ર સાથે સંબંધિત એક અનન્ય નંબર છે ? – જમીન સંસાધનો

(તાજેતરમાં આસામ માટે યુનિક લેન્ડ પાર્સલ આઈડેન્ટિફિકેશન નંબર (ULPIN) લોન્ચ કરવામાં આવ્યો હતો. જમીન સંસાધન વિભાગના ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડર્સ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ હેઠળ તેની કલ્પના કરવામાં આવી હતી. આ પહેલ હેઠળ 14 અંકનો આલ્ફા ન્યુમેરિક જીઓસ્પેશિયલ યુનિક આઈડેન્ટિફિકેશન નંબર જારી કરવામાં આવે છે.)

**18.** તાજેતરમાં કઈ રાજ્યએ ઈન્ટિગ્રેટેડ હોસ્પિટલ ફેસિલિટી મેનેજમેન્ટ સર્વિસિસ (IHFMS) અપનાવી છે ?

– તેલંગાણા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

19. કયા ભારતીય શહેરે 'ક્લાઈમેન્ટ એક્શન પ્લાન' બહાર પાડયો હતો અને આબોહવા પરિવર્તનના પડકારોનો સામનો કરવા માટે 30 વર્ષનો રોડ મેપ તૈયાર કર્યો હતો ? – મુંબઈ

20. 'જિનીવા સંમેલન' જે તાજેતરમાં સમાચારમાં હતું, તે કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ? – યુદ્ધ દરમિયાન લડાયક વર્તનના નિયમો

21. ભારતના કયા રાજ્યમાં સફેદ રંગનો 'મેનહિર' તરીકે ઓળખાતો લોહયુગનો પથ્થર મળી આવ્યો છે ? – તેલંગાણા

22. ..........ગ્રામીણ કારીગરો માટે હસ્તકલા, કૃષિ અને હેન્ડલૂમ ઉત્પાદનો વેચવા માટેનું પ્લેટફોર્મ છે, જે 14 માર્ચ સુધી બેંગલુરુમાં નાબાર્ડના કર્ણાટક પ્રાદેશિક કાર્યાલય દ્વારા રાખવામાં આવ્યું હતું. – ગ્રામીણ હબ્બા

23. તાજેતરમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રીએ વિશ્વની સૌથી અદ્યતન ટેકનોલોજી ગ્રીન હાઈડ્રોજન આધારિત ફ્યુઅલ સેલ ઈલેક્ટ્રિક વ્હીકલ (FCEV)............. રજૂ કરી છે. – ટોયોટા મિરાઈ

24. તાજેતરમાં કયા ભારતીય મહિલા ક્રિકેટર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 250 વિકેટ લેનાર પ્રથમ મહિલા ખેલાડી બન્યા છે ? – સુશ્રી ઝુલન ગૌસ્વામી

25. તાજેતરમાં ગુજરાતના એક રમતવીર શ્રી મનપ્રીત જુનેજાએ નિવૃત્તિ જાહેર કરી છે. તે કઈ રમત સાથે સંકળાયેલા હતા ? – ક્રિકેટ

26. તાજેતરમાં 'ધ કાશ્મીર ફાઈલ્સ' ફિલ્મ રીલિઝ થઈ છે તેમના ડિરેક્ટર કોણ છે ? – શ્રી વિવેક અગ્નિહોત્રી

27. દિશાંક એપ્લિકેશન એ............રાજ્ય દ્વારા વિકસાવવામાં આવેલી એપ્લિકેશન છે જે જમીનના રેકોર્ડની સરળ એક્સેસની ખાતરી આપે છે. – કર્ણાટક

28. ભારતના પ્રથમ મહિલા અવકાશયાત્રી સુશ્રી કલ્પના ચાવલાની જન્મ જયંતિ ક્યારે ઉજવવામાં આવી હતી ? – 17 માર્ચ, 2022ના રોજ

29. નવી દિલ્હી ખાતે કેટલામી ભારત–જાપાન વાર્ષિક સમિટ યોજાશે ? – 14મી

30. મહાત્મા ગાંધીજીના નામ પરથી કયા દેશમાં 'ગ્રીન ટ્રાયેન્ગલ'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ? – મેડાગાસ્કર

# ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT